॥ હરિઃૐ ॥
Published by Hariom Ashram, Nadiad, Gujarat

હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)
Year : 8 • Issue : 4 • 5th Jan; 2026 • Price : Rs. 10

||હરિ:ૐ||

પૂજ્ય શ્રીમોટાનો ૮૮મો સાક્ષાત્કારદિન રામનવમી ઉત્સવ



આત્મીય સ્વજનશ્રી,

પૂજ્ય શ્રીમોટાનો ૮૮મો સાક્ષાત્કારદિન ચૈત્રી સુદ નોમ-રામનવમી હોઈ પૂજ્ય શ્રીમોટા તથા તેમની વિચારધારા અને પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સૌ સ્વજન ભાઈબહેનોનાં મિલન સમારોહના યજમાન બનવાનો અમોને રૂડો અવસર મળ્યો છે. શ્રીમોટાના મૌલિક અને અનેરા એવા આ ‘ઉત્સવ’માં આપ સૌને પરિવારજનો -મિત્રમંડળ સહિત પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

સ્નેહાધીન : શ્રી કરસનભાઈ મેઘજીભાઈ ચોવટીયા પરિવાર

મિલન સમારંભનું સ્થળ :

સમસ્ત પાટીદાર સમાજની વાડી,

અંકુર સ્કૂલ સામે, આંબાતલાવડી, કતારગામ, સુરત.

રવિવાર સવારે તા. ૨૯-૦૩-૨૦૨૬

કાર્યક્રમની રૂપરેખા

૬:૩૦	થી	૭:૩૦	:	ચા-કૉફી-અલ્પાહાર
૭:૩૦	થી	૮:૦૦	:	હરિ:ૐ નામસ્મરણ ધૂન
૮:૦૦	થી	૯:૦૦	:	નિત્ય પ્રાર્થના-આરતી
૯:૦૦	થી	૧૦:૧૫	:	ભજનો (ભાવિક પટેલ અને સાથીવૃંદ)
૧૦:૧૫	થી	૧૦:૩૦	:	ઍવૉર્ડ વિતરણ
૧૦:૩૦	થી	૧૧:૩૦	:	પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્‌બોધન - શ્રી આશિષ અરૂણભાઈ ભલાણી
૧૧:૩૦	થી	૧૧:૪૫	:	આશ્રમનો અહેવાલ
૧૧:૪૫	થી	૧૨:૧૫	:	યજમાન આભારવિધિ, ગુરુવંદના
૧૨:૩૦	થી	૨:૦૦	:	ભોજન પ્રસાદ

YouTube
@hariommota

: વિજ્ઞપ્તિ :

શનિવારે તા. ૨૮-૦૩-૨૦૨૬ના રોજ બહારગામથી આવનાર અને ઉતારા સ્થળે રહેવા ઈચ્છનાર સ્વજનોને તેમની સંખ્યા તા.૨૧-૦૩-૨૦૨૬ સુધીમાં નીચેના નંબર ઉપર નોંધાવી દેવા વિનંતી.

સંપર્ક સૂત્ર : સુરત : અશોક ચોવટીયા : મો. ૮૩૪૭૩ ૨૨૦૦૦ / નિમિષભાઈ રંગૂનવાળા : મો. ૯૩૭૪૬ ૧૦૦૨૨

ઉત્સવનું લાઈવ પ્રસારણ નિહાળવા માટે હરિ:ૐ આશ્રમની YouTube ચેનલને સબસ્ક્રાઈબ કરો.

મોટાની પ્રવેશકળા

બધાંને એક સાથે તે હૃદય સંતોષ દેવાને,
મથું હું એકલો કેવી રીતે મુજને તે ન સમજાયે !
સમય નિરાંતનો લેવા પિયરમાં જંપથી ઠરવા,
પલાઠી વાળી જ્યાં બેઠો ખલકના ખેલ ત્યાં ન્યારા.
તમે વ્હાલા હૃદય વ્હાલા, હૃદયથી મુજને કેવા !
તમારામાં પૂરું જીવવા ધરી શી શી અભિલાષા !
તમોએ ચિંતવેલું સૌ હતું મારા વિષે જે જે,
રહ્યું મુજ લક્ષમાં જો તે કર્યો ના હોત તમ વિષે
તમોમાં જીવવા કાજે પૂરેપૂરી રીતે હૃદયે
છે ઝંખના કેવી શકું બતલાવી શી રીતે
હૃદયમાં પ્રાણ જેને છે હૃદયમાં ભાવ ના જેને,
હૃદયમાં ખેંચવા એને ગ્રહે આધારે જાણે તે
હૃદયમાં ભાન જોડાઈ રહેવા જો ન રે' પૂરું
કરી ત્યાં શું શકું એવું જણાયે છે. સહજમાં સૌ.
રિસાવાનું ન મારે છે. રિસાયે સૌ સ્વજન મુજથી
મને શો વેગળો મૂકી સ્વજન કેવાં રમે મનથી
મને જો હૃદયમાં લગની જગાડીને પૂરી મૂકો
પછી જો થાય ના કૈં તો મને હડસેલી સૌ મૂકજો.
કરી જુઓ અખતરોયે હૃદયની ભાવ શક્તિથી
હૃદયમાં ઊતરી પૂરાં હૃદય એને ભરી રાખી.
નિરાશા ન કશી મારે નિરાશામાં પડેલાં જ્યાં
સ્વજનને જોઈને કેવું તડપતું દિલ ફફડે ત્યાં.
છતાં ફરિયાદ કરવાની અમારે કોઈને ના છે,
છાંયને કેવું શમાવાનું કૂવામાં છે.
તમારો સાથ મળતો ના તમારો ભાવ મળતો ના,
તમોને શી રીતે પૂરતી મદદ પહોંચાડી શકવી ત્યાં
છતાં શ્રદ્ધા હૃદયમાં છે. મને વિશ્વાસ પૂરતો છે.
પ્રભુના ભાવનું કામ થયા વિના ન તે રહેશે.
કૃપા કરજો કૃપા કરજો હૃદયનો પ્રેમ સૌ ધરજો
કદી આપી શકાવાનું બને ના તો ક્ષમા કરજો.

પત્રસંચય-૧, પૃ-૧૧

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

હરિઃૐ આશ્રમ, નડિયાદ
આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮
પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭
રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧

લવાજમ

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

અનુક્રમણિકા

ક્રમ	વિષય	લેખક	પૃ.
૧.	વસંત પંચમીના દિવસે દીક્ષા પ્રાપ્તિ	– શ્રીમોટા	૫
૨.	સાધનામર્મ – ૪	– રમેશ ભટ્ટ	૭
૩.	પ્રાર્થના	– શ્રીમોટા	૧૦
૪.	અનુષ્ઠાનનું મહત્ત્વ	– શ્રીમોટા	૧૪
૫.	શ્રીસદ્ગુરુ વિશે	– શ્રીમોટા	૧૮
૬.	સંસ્કારવિચારકર્મ વિશે	– શ્રીમોટા	૨૧
૭.	સુખનો સાગર	– રમેશ ભટ્ટ	૨૩
૮.	ગયેલા આત્માને શ્રદ્ધાંજલિ		૨૫
૯.	સદ્ગતશ્રી પરમાનંદભાઈ તલાટીને હૃદયાંજલિ	– રાજેન્દ્રભાઈ રાવલ	૨૬

વસંત પંચમી પૂજ્ય શ્રીમોટાનો ૧૦૩મો દીક્ષા દિવસ.

પૂજ્ય શ્રીમોટાને શ્રી બાળયોગીજી મહારાજે વિક્રમ સંવત ૧૯૮૩ના વસંત પંચમીના દિવસે દીક્ષા આપેલી. ૧૦૩માં દીક્ષા દિવસની ઉજવણી હરિઃૐ આશ્રમ, નડિયાદમાં કરવામાં આવશે. જેમાં સર્વે સ્વજનો સપરિવાર મિત્રવર્તુળ સહિત પધારવા યજમાનશ્રીના ભાવભર્યા આમંત્રણને લક્ષમાં લઈને સર્વે સ્વજનો સપરિવાર, મિત્રવર્તુળ સહિત પધારશોજી.

તા. ૨૫-૦૧-૨૦૨૬, રવિવાર યજમાન : શ્રી જાગૃતિબહેન પટેલ, નરોડા, અમદાવાદ

સવારે ૮-૦૦ થી ૮-૩૦	ચા-કોફી, અલ્પાહાર
૮-૩૦ થી ૧૧-૦૦	પૂજ્યશ્રીમોટા રચિત પ્રાર્થના, મંગલાષ્ટક, ભજન અને હરિઃૐ ધૂન
૧૧-૦૦ થી ૧૧-૩૦	ગુરુ વંદના અને મહાપ્રસાદ
૧૧-૩૦ થી ૦૪-૦૦	હરિઃ ૐ ધુન
૪-૦૦ થી ૪-૩૦	ચ્હા-કૉફી-નાસ્તો

નોંધ : મહાપ્રસાદના સમય દરિમાન હરિઃૐ ધૂન ચાલુ રહેશે. સહુએ વારાફરતી મહાપ્રસાદ લેવા જવાનું રહેશે.

૧. વસંત પંચમીના દિવસે દીક્ષા પ્રાપ્તિ — શ્રીમોટા

હવે આ દીક્ષા દિવસની વાત કરું. **દીક્ષા એટલે એક બાજુ જતા હોઈએ તેનાથી બીજી બાજુ વહેણ વાળવું. જેમ આ નહેરો ખોદે છે અને નદીનું એક બાજુ વહેણ ચાલ્યા જતું હોય ત્યારે એ પાણીને બીજી દિશામાં લઈ જઈને ઉપયોગ કરવો. એનું નામ દીક્ષા.**

ત્યારે હું સાવ બુડથલ હતો. મને કંઈ ગતાગમ ન હતી. પણ ગુરુમહારાજે કૃપા કરી. અંદર વહેણ છુપાયેલું હશે એની એમને ખાતરી. આ માર્ગમાં પાત્રતા બહુ જરૂરની છે. ભૂમિકા પણ જરૂરની. એણે અંદરનો ભંડાર જોયો હશે. મને આમાંથી આમાં વાળવાને પ્રયત્ન કર્યો. દીક્ષા આપી. **વસંતપંચમીનો દિવસ હતો. (૨૨-૧-૧૯૨૩, સોમવાર) significant અને પ્રતીકરૂપ આ દિવસ છે. વસંતઋતુમાં કુદરત નવો સ્વાંગ સજે છે. પણ એના સૌંદર્યને પારખવાને માટે આંખ કેળવાયેલી જોઈએ, હૃદય કેળવાયેલું જોઈએ. બાકીનાને એની ગતાગમ ન પડે.** હું પણ સમજ્યો ન હતો. પણ આજે ઘણા વર્ષે આ સમજણ મને પડી. એમ સમજ્યો કે બરાબર આ Symbolic action છે. આ પ્રતીકાત્મક છે.

પહેલાં તો ગુરુમહારાજ કહે, 'તારી માની રજા લઈ આવ.' મારી બા પાસે ગયો. કહ્યું, 'બા એક ગુરુ આવ્યા છે.' મારી બા જાણતી હતી. કારણ કે પહેલવહેલા મારે ઘેર જ લઈ ગયેલો. એ તો નીચે, કૂદે અને ધમાધમ કરે. 'મારા હાળા વાંદરાને કંઈથી લાવ્યો ?' એમ મારી બા કહે. મેં કહ્યું, 'બા, હવે તું બોલીશ કરીશ નહિ. પણ એમણે મને કહ્યું છે કે દીક્ષા લેવાની છે.' 'શું કરવાનું ?''બા, મનેય કશી ખબર નથી,' 'તો મારા રડ્યા, ખબર વિના આપણે બધું કરવું ? પૂછ એને.' મેં તો પૂછ્યું, 'બાપજી, મારી બા કહે છે મારા બેટા, મારા રડ્યા ! ખબર વિનાનું તું બધું કરે તે સારું નહિ. પૂછ એમને.' એથી એમણે કહ્યું, **'આ દીક્ષા આપું પછી તારે ભગવાનને રસ્તે જવાનું.'** આ રસ્તાની કશી ઝાઝી બહુ ગતાગત મને નહિ. તે પછી મેં તો મારી બાને કહ્યું. કહે, 'ચૂનિયા, ભગવાનને રસ્તે જવાની વાત તો સારી છે. પણ આ તને સાધુ બનાવી દેશે તો ?' મેં કહ્યું, 'બા, બની જઈશ.' 'હોવે... મારા રડ્યા, તને અક્કલ નથી ને. તો બધું કોણ ચલાવશે ? તારે નાના ભાઈઓ છે.' આ કહ્યું, 'એ હું ના જાણું.' 'તને તારા ગુરુમહારાજ જે કહે તે તારે કરવાનું. તારે ભગવાનને રસ્તે જવાનું છે. એમાં શું વાંધો ? કશો વાંધો નથી.' મારી બાએ કહ્યું.

મને તો દીક્ષા આપી. એ તો જે કંઈ કરતા હતા તે કર્યું. પહેલે દિવસે કહે, 'તું ધ્યાન ધર.' મેં કહ્યું, 'શેનું ધ્યાન ધરવાનું ? તમે કરો તો જોઈ લઉં.' તો કહે, 'ધ્યાનની કશી ખબર નથી ?' મેં કહ્યું, 'ના, મને કશી ખબર નથી.' તો કહે, 'ધ્યાનનો અર્થ સમજે છે ?' મેં કહ્યું, 'એકીટશે એકાગ્રતાથી એક જ વિચાર આવે તે ધ્યાન કહેવાય. એવું આશરે આશરે કહું છું.' તેઓ કહે, 'તો તું એમ જ કર.' 'પણ એ તો થતું નથી. આ મનમાં તો હજારો સંકલ્પ વિકલ્પ આવે છે.'

પછી તો એમણે આઠ નવ ઇંચનો લોઢાનો ખીલો કાઢ્યો. એનો પાછલો દટ્ટો હોય એ જોરથી બે ભ્રમરની વચ્ચે માર્યો. મને ખબર નહિ કે આ ખીલો મને મારવાને કાઢ્યો હતો, નહિતર તો નાસી જાત. તે દયા કરીને નહિ, ધીમે રહીને નહિ, જોરથી મારેલો. તમ્મર આવી ગયા. આ શરીર બેભાન થઈ ગયું. ત્રણ દિવસે શરીર જાગેલું. એટલી મને ખબર

છે. પણ, ત્યારે મને ખબર નહિ. જ્યારે ધીરે ધીરે ભાન આવવા લાગ્યું ત્યારે મારા ગુરુમહારાજને હું પગે લાગ્યો હતો. એટલી મને ખબર હતી.

જ્યારે ભાન આવ્યું ત્યારે મેં જોયું કે તે મને પગે મસાજ કરતા હતા. એમણે મને પૂછ્યું, 'અલ્યા, છોકરા, હવે વિચાર આવતા હતા ?' મેં કહ્યું, 'ના.' વિચાર-બિચાર કશું નહિ. તમે મને ખીલો ઠોક્યો અને વિચાર ઊડી ગયા. બિલકુલ વિચાર જ નહિ.' પછી પૂછ્યું કે 'તારી સ્થિતિ શી હતી ?' મેં ફરીથી કહ્યું કે, 'વિચાર જ નહિ.' ત્યારે એમણે પૂછ્યું કે, 'આવું કેટલો સમય રહ્યું ?' મેં કહ્યું, 'રહ્યું હશે પંદર-વીસ મિનિટ.' એમણે ડોકું હલાવ્યું. મેં પૂછ્યું, 'અડધો કલાક-બે કલાક ?' તોય ના કહી. અને પછી એ બોલ્યા, 'ત્રણ દિવસ થઈ ગયા.' આ સાંભળી હું એકદમ ચોંકી ગયો અને મને આઘાત પણ લાગેલો. મારાથી બોલાઈ ગયું, 'આ મેં ભયંકર ભૂલ કરી.' આ મારા માટેનો મોટામાં મોટો અનુભવ હતો. તેમ છતાં આવું બોલાયું. ઠક્કરબાપાને લખી દીધું કે, 'હું ત્રણ દિવસ બેભાન અવસ્થામાં હતો, તેથી કામ પર જઈ શક્યો નથી, તો માફ કરશો.'*વાણી-૧ : ૩૦-૩૧*

ગુરુમહારાજે એ પછી મને કહ્યું કે, **'તારે સંસારમાં રહીને કામ કરવાનું છે. પણ સંસાર માટે નહિ.'** મેં પૂછ્યું, 'એ કેવી રીતે બને ?' ત્યારે એમણે કહ્યું કે, 'સંસારને તારા મનમાંથી જ કાઢી નાંખ.' મેં કહ્યું, 'તમે કહો છો તેથી એક ઝાટકે મનમાંથી નીકળી જાય તેવું બને નહિ.' ત્યારે તે બોલ્યા, 'ભઈ, તું ભાવના કેળવ.' મેં પૂછ્યું કે, 'શું ભાવના કેળવું ?' ત્યારે એમણે સમજાવ્યું કે, **'જે તે બધું પ્રભુપ્રીત્યર્થે કરવાનું. જ્યાં ત્યાં ભગવાન જ વસેલો છે. સંસાર પણ ભગવાનની શક્તિને લીધે ચાલે છે. હવે તારે આખી જિંદગી ભગવાનને માટે જીવવાનું છે.'**

આ વાત મારે ગળે ઊતરી ગઈ અને મને બહુ ગમી ગઈ અને એ પ્રમાણે હું ભાવના કેળવીશ એમ નિશ્ચય કર્યો. *વાણી-૧ : ૧૪*

દીક્ષાના આ પ્રસંગની અસર મારા જીવન પર એટલી બધી તો ઊંડી પડેલી છે, કે તે અસરથી જે ભાવના પ્રગટ્યા કરેલી, તે ભાવનાએ મને સાધનામાં ભાંગી પડતાં પડતાં હંમેશાં ઊગારેલો છે. તેઓશ્રી મારે ત્યાં નડિયાદ પધાર્યા તે તેમની અપાર કરૂણાનો અદ્‌ભુત પ્રતાપ કદી પણ હું વીસરી શક્યો નથી.

કદી પણ મેં તેમની છબી પાસે રાખી નથી અને રાખવાનું દિલ થયું હોત તો પણ તેટલી રકમ ત્યારે મારી પાસે ન હતી. જો કે પ્રભુકૃપાથી મારા સદ્‌ગુરુ મહારાજની મારા દિલમાંની ભાવનાથી પ્રેરાઈને તેમનું સાકાર સ્વરૂપ પ્રગટાવવાનું હંમેશાં બન્યા કરેલું છે અને અંતરમાં તેવી રીતે તેમને જગાડવાનું અને જગાડીને તેઓશ્રીને પ્રત્યક્ષ કરીને તેમની કૃપા મદદ માગવાનું અને પ્રેરણા પામવાનું કરી શકાયું છે. શ્રી સદ્‌ગુરુનું પ્રેમ ભક્તિ જ્ઞાનપૂર્વકનું અવલંબન અને તેમાંથી મળતા ભાવ અને શક્તિ તે વળી કોઈ જુદા જ પ્રદેશની હકીકત છે. તે મોટું મકાન, તે એકાંત જગા અને તે રામતલાવડી આજે પણ હયાત છે. મારા જીવનવિકાસનું તે એક પવિત્ર તીર્થસ્થળ છે. પરંતુ વારંવાર તે સ્થૂળ તીર્થસ્થળમાં જઈને પાવન થવાનું પણ મેં કરેલું નથી. તેમ છતાં તે તીર્થસ્થળની ભાવનાની અસરને હું કદી ભૂલી શક્યો નથી. સ્થૂળ ભાવના કરતાં સૂક્ષ્મની ભાવનામાં પ્રભુકૃપાથી પરોવાઈ રહેવાનું અને તેમાંથી ચેતન મેળવવાનું જ્ઞાનભાન સાધનાની શરૂઆતથી જ તેઓશ્રીની કૃપાથી મેળવી શકાયું હતું.

(જીવનદર્શન : ૨૨૧-૨૨૨)

અનુસંધાન પાના નં. ૧૭ પર

૨. સાધનામર્મ – ૪ — રમેશ ભટ્ટ

બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો; અને ખૂબ ખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

પૂજ્ય શ્રીમોટાએ જીવનવિકાસ માટે મૌન અને એકાંતને આવશ્યક અને અનિવાર્ય ગણાવ્યાં છે. આથી હરિઃૐ આશ્રમમાં મૌનએકાંતની સેવા-પ્રવૃત્તિ મુખ્ય છે. **મૌનથી અંતર્મુખતા સધાય છે અને એકાંતથી બહિર્મુખતા ઘટે છે. બંને સાથે હોય તો આંતરિક પરિણામ ઝડપથી પામી શકાય છે.**

પરંતુ સંસારમાં વ્યવહારનું પ્રમાણ વિશેષ હોય તેથી માત્ર મૌનનો અભ્યાસ કેળવી શકાય એટલે તેઓશ્રીએ **'સાધનામર્મ'**માં **મૌન** અંગે સૂચવ્યું છે. માનવબાળ બોલવાનું થોડુંક મોડું શીખે છે, પરંતુ બોલવાનું શીખ્યા પછી જીવનના અંત સુધી બોલવાનું ચાલુ જ રહે છે. મોટે ભાગે આપણે શું બોલીએ છીએ, ક્યાં બોલીએ છીએ, કેટલું બોલીએ છીએ, ક્યાં સુધી બોલીએ છીએ એ શબ્દોના કેટલા અર્થો છે, આપણા બોલવાના અર્થ-અનર્થ થવાની કેટલી શક્યતા છે, આપણા બોલવાની અસર કોને, કેવી અને કેટલા પ્રમાણમાં થાય છે - એ પૈકીનો વિચાર પણ આપણને ભાગ્યે જ આવે છે.

આપણો 'બોલ'એ શક્તિશાળી સાધન છે. આથી એ 'બોલ' જેટલા પ્રમાણમાં વેડફાય છે એટલા પ્રમાણમાં આપણે શક્તિ ગુમાવીએ છીએ અને અશક્ત બનીએ છીએ. આપણા શાસ્ત્રોએ પણ વાણીને વીર્ય કરતાંય અધિક શક્તિશાળી ગણાવી છે. વીર્ય વેડફવા કરતાંય વાણી વેડફવી એ અધિક ઘાતક છે.

વાણીની જુદી જુદી શક્તિનો આપણને વ્યવહારમાં અનુભવ છે. **વાણીની મધુરતા, કડવાશ, તીખાશ, તીક્ષ્ણતા અને મર્મ પર ઘા કરવાની ભેદકતા જેવી અનેક શક્તિઓ છે. પરંતુ વ્યવહારમાં એનું પ્રમાણ અને યથાયોગ્યતા જળવાય માટે આપણામાં વિવેકશક્તિ જાગૃત ન હોવાથી વાણીથી ધાર્યું કામ લઈ શકાતું નથી. આથી વાણી મારફત રચનાત્મક, સર્જનાત્મક અને ભાવાત્મક પરિણામ અનુભવવા માટે મૌન દ્વારા આંતરિક શક્તિ વધાર્યા વિના છૂટકો નથી.** મૌનથી માનસિક અને પ્રાણની શક્તિઓ વધે છે, કેમ કે વાણીનો સંબંધ મન અને પ્રાણ (વૃત્તિઓ) સાથે છે. **મનના વિચારોના તથા પ્રાણની વૃત્તિના વેગ ચિત્તના સંસ્કારને આધારે હોવાથી વાણી પર આપણો કાબૂ નથી. વાણીના સંયોગોને પરાધીન ગણવામાં આવે છે. આથી મૌન પાળવું એ સહેલું નથી. તેમજ આપણા માટે મૌન એ સ્વભાવસહજ નથી. આથી જ શ્રીમોટાએ મૌન 'કેળવવાની' વાત સૂચવી છે.**

મૌનના બે પ્રકારો છે : **(૧) વાચિક, અને (૨) માનસિક. શ્રીમોટાએ આ સૂત્રમાં 'બની શકે એટલું મૌન કેળવવા' સૂચવ્યું છે. એ દર્શાવે છે કે વાચિક મૌન કેળવવું પણ સરળ નથી.** બીજું આપણે સંસારમાં વ્યવહાર કરવાનો છે એથી મૌન રહી શકાશે નહિ. પણ 'બની શકે એટલા પ્રમાણમાં મૌન કેળવવું' - એટલે કેટલા પ્રમાણમાં મૌન કેળવવું ? એવો પ્રશ્ન થાય. નિશ્ચિત કરેલા સમય પૂરતા મૌન રહેવાની કેળવણી લેવાય છે. કોઈક અઠવાડિયામાં એક દિવસ મૌનનું વ્રત ધારણ કરે છે. આવા પ્રકારના મૌન વેળાએ લખીને પણ વાત થતી હોવાથી વાચિક મૌનને મનનો સાથ હોતો નથી. આથી ઘણી વાર મૌન ગાળા પછી ઘણા લોકો સૌથી વધુ પ્રમાણમાં બોલ્યા કરે છે. **આથી શ્રીમોટા જે**

વાચિક મૌન કેળવવાનું સૂચવે છે એમાં મૌનનો હેતુ ધ્યાનમાં રાખવાનો છે. કોઈ માણસ ચીડમાં કે રીસમાં, કે કંકાસ થવાના ડરને લીધે મૂંગો રહે એ મૌનની કેળવણી ન ગણાય. આથી શ્રીમોટાએ બને એટલું વાચિક અને માનસિક મૌન કેળવવા માટે, 'ચેતનાપૂર્વકની જાગૃતિ સાથે શરણભાવ' કેળવાય એવો સ્પષ્ટ હેતુ દર્શાવ્યો છે. માટે માત્ર હેતુ વિનાનું મૌન આધ્યાત્મિક વિકાસ કરાવી શકશે નહિ, સંસારમાં વ્યવહાર આચરતાં ખૂબ કુશળતાપૂર્વક વાચિક મૌન કેળવવાનું છે. મને એક પ્રસંગ યાદ આવે છે. એક બહેન એકવીસ દિવસના મૌન પછી બહાર નીકળ્યાં ત્યારે એમને મૌન માટે ભાવના તીવ્ર બનેલી. એમણે શ્રીમોટાને કહ્યુંઃ 'હું હવે હંમેશ માટે મૌન જ રહેવા ઈચ્છું છું.' ત્યારે **શ્રીમોટા એ કહેલું; 'બહેન, એ તો કદાચ સહેલું પડશે. પણ સંસારમાં ખપ જેટલું જ બોલવું એ મૌન રહેવા કરતાંય ઊંચું તપ છે. વળી વ્યવહાર ચલાવવો હોય ત્યાં બોલવું તો પડે.'** શ્રીમોટાની આ શીખ પાછળ મૌનની કેળવણીનું હાર્દ છુપાયેલું છે. આપણે વ્યવહારમાં જરૂર કરતાં વધારે બોલીએ છીએ. આ હકીકતની આપણને ખબર પણ નથી. **વાણીના આવા વ્યય દ્વારા આપણે આપણી શક્તિ તો વેડફીએ છીએ જ, પણ એ સાથે જેમની સાથે આપણો વ્યવહાર થાય છે, ત્યાં જરૂર કરતાં વધારે બોલવાથી અણસમજ અને ગેરસમજ ઊભી કરીએ છીએ.** અને અથડામણનાં કારણો ઊભાં કરીએ છીએ. **આપણા બોલવાથી જયારે ગેરસમજ થતી હોય ત્યારે આપણે આપણા કહેવાનો મતલબ સમજાવવા વધારે બોલીએ છીએ.** કોઈકને પ્રશ્ન થાય કે આપણા બોલવાથી કોઈકને ગેરસમજ થઈ હોય તો શું એ અંગેની સ્પષ્ટતા જ ન કરવી ? આપણા કહેવાથી-બોલવાથી બીજામાં ગેરસમજ થઈ એમાં આપણી વાણી પાછળના આપણા આશયમાં દોષ હોય છે. આપણે જ્યારે સ્પષ્ટતા કરવા વધારે બોલીએ છીએ ત્યારે અજાણતાં આપણે આપણા આશયનો બચાવ કરતા હોઈએ છીએ. આવું થાય છે ત્યારે આપણે 'સ્પષ્ટતા' ખાતર જે ખુલાસો આપીએ છીએ, એ વધારે ગૂંચવાડો ઊભો કરે છે. પરિણામે આપણને ચીડ અને ત્રાસ જન્મે છે. એમાંથી કાં તો ક્રોધ-રોષ કે પછી એ ન થઈ શકે તો રીસ જન્મે છે. **આવું થતું હોવાથી વાચિક મૌન કેળવવાની વાત પાછળ શ્રીમોટાએ હેતુ સ્પષ્ટ કર્યો છે. આપણે આપણો 'કક્કો' ખરો કરવા કે કરાવવા કયારેય મથામણ ન કરવી. એથી જ વધારે પડતું બોલવું નહિ. તત્કાળ કશું પણ કહેવું અનિવાર્ય ન હોય તો બોલવું નહિ. અને બોલવું અનિવાર્ય હોય તો પહેલાં એ શબ્દો મનમાં બોલીને, સામાને એથી કેવી લાગણી થશે એનો વિચાર કરવો. કયારેક ઠપકો, ઉપદેશ, શિખામણો અને સૂચનો આપવાનો ઉછાળો આવ્યા કરતો હોય તો, કોઈ આપણને આ પ્રમાણે કહે તો આપણને કેવું લાગે એવો વિચાર કરી જોવો. આવો અભ્યાસ પાડવાથી વાચિક મૌન કેળવાતું જશે.**

આ ઉપરાંત આપણે દિવસ દરમિયાન ઘણી જ વાતો કરીએ છીએ. આનંદ-પ્રસન્નતા શાંતિ પ્રેરે એવી વાતો કરવી એમાં વાચિક મૌનનો ભંગ થતો નથી. સત્પુરુષોના જીવનના દૃષ્ટાંતો કે એમના ઉપદેશ વચનો વિષેની વાતો પ્રેરક હોય છે. પરંતુ ઘણું ખરું આપણા દિવસનો મોટો ભાગ રાજકારણની, ફિલ્મોની, સામાજિક દૂષણોની અને સુધારણાની, અન્ય વ્યક્તિઓના સ્વભાવ વર્તન વિષેની વાતોમાં વેડફાતો હોય છે. આવી વાતો દ્વારા આપણાં સમયશક્તિ વેડફાતાં હોય છે. આ વિષે સાવધ થવાનું છે. **આથી પૂછ્યા વગર કોઈ બે-ત્રણ વ્યક્તિની વાત વચ્ચે બોલવું નહિ, જે વાતથી આપણી આંતરિક સમજણ ખુલવાની ન હોય એવી વાતો કરવી નહિ અને એમાં સામેલ પણ થવું નહિ. વગેરે વાચિક મૌન કેળવવા માટેની તાલીમ**

છે. આવી વાતો થતી હોય ત્યાં હાજર રહેવાનો સંયોગ થાય ત્યારે આપણે એમાં સામેલ ન થઈએ અને **હાજરી અનિવાર્ય હોય તો ખપ કરતાં અન્ય વાતો કાને ન ધરીએ. અથવા નિંદાત્મક કે નકારાત્મક અને સંહારાત્મક ટીકાઓ થતી હોય ત્યાંથી યુક્તિપૂર્વક ખસી જઈએ-આવી રીતોથી સંસારમાં આપણે મૌનની કેળવણી લેવાની હોય છે. આપણાથી બને એટલું વાચિક મૌન કેળવવાથી દિવસનો મોટો ભાગ મૌન રહેવાશે.**

પરંતુ વાચિક મૌન રાખતાં હોઈએ ત્યારે આપણું મન શાંત હોતું નથી. **આપણે મોઢેથી ન બોલવાનું મનમાં બોલ્યા કરીએ છીએ. મન તો બડબડ કર્યા જ કરતું હોય છે. આથી વાચિક મૌનની સાથે સાથે 'બની શકે એટલું માનસિક મૌન' કેળવવું જોઈએ, નહિતર આધ્યાત્મિક લાભ ચૂકી જવાય.**

તા. ૧૯-૯-૯૫

વાચિક મૌનની સાથે સાથે જ માનસિક મૌન કેળવવાનું શ્રીમોટાએ સૂચવ્યું છે. માનસિક મૌનની કેળવણી આકરી છે, છતાં પણ એ અશકય નથી. આધ્યાત્મિક જીવનના અનુભવ માટે સાધકે સૌથી પહેલું મનને જ સાધવાનું છે. એથી એને ઓળખવું, સમજવું, એની શક્તિઓને, અને એની ગતિવિધિને પ્રમાણવી; એ બધાંનું યોગ્ય મૂલ્યાંકન કરવું-વગેરે બાબતો આવશ્યક છે. પરમાત્માના અનુભવ પછી મન મરી જતું નથી. સાધનામય જીવનમાં મનને મારી નાખવાની વાતો બોલાય છે અને એનાં સૂત્રો રજૂ થાય છે એ પૂરેપૂરી સાચી હકીકત નથી એમ શ્રીમોટાના આધ્યાત્મિક સાધના અને અનુભવના આધારે કહી શકાય છે.

મન શાંત ન બને ત્યાં સુધી જીવનનો વિકાસ શક્ય નથી. માનસિક મૌનને કેળવતાં પહેલાં જીવનનો ધ્યેય, જિંદગીનું લક્ષ્ય સ્પષ્ટ કરવું જોઈએ. અને એ લક્ષ્ય પ્રત્યે મનને એકાગ્ર રાખવા માટે ધ્યેય પ્રત્યે મન રખાય તો માનસિક મૌનની દિશા પામી શકાય. મનનું મુખ્ય લક્ષણ સંકલ્પ અને વિકલ્પ છે. મન ઘડીકમાં શુભ સંકલ્પ કરે અને થોડીક વાર એમાં ટકીને પાછું એથી બીજી જ દિશામાં વિહરવા મંડે. મનને અનેક જુદા જુદા રસ લેવાની ટેવ પડેલી છે. આથી જ જીવન વિકાસના સાધકે ડગલું માંડતાં પહેલાં મન સાથે નક્કી કરી લેવું જોઈએ. શ્રીમોટાએ સાધનાનો આરંભ કરતાં (૧૯૨૨) 'મન'ને સંબોધીને કહ્યું છે એમાં પહેલી વાત આમ કહી છે:

'ચડાશે ન બે ઘોડલે તુંથી બાપુ.'

મન સંસારીવાતોમાં રસ લીધા કરે અને આપણે એમ માનીએ કે આપણે ભગવાનને માર્ગે જઈએ છીએ એ બનવાનું નથી. **આથી પ્રભુપ્રેમના અનુભવ માટે મન ભગવાનમાં, એટલે હૃદયસ્થ ચેતનના અનુભવ માટે રસ લેતું થાય એવો પુરુષાર્થ આદરવો જોઈએ. રસ લાગતાં-જામતાં-ધીમે ધીમે મન એકાગ્ર બનવા માંડે-ત્યાર પછી એ શાંતિનો કે મૌનનો અનુભવ કરી શકે. મનને ઊર્ધ્વજીવનનો રસ લાગે અને એ પ્રત્યે એકાગ્ર બને એવા હેતુથી ભગવાનના નામના જપ કરવા જ જોઈએ** – એમ શ્રીમોટાએ પોતાની સાધનાથી સિદ્ધ કરેલું છે, એટલું જ નહિ પણ **શ્રીમોટાએ નામસ્મરણની એટલી સૂક્ષ્માતિસૂક્ષ્મ શક્તિમત્તા અનુભવી છે કે જેને પરિણામે શ્રીમોટાની ચેતનાત્મક સહાયથી અતિ દુર્લભ એવું ભગવાનનું નામસ્મરણ સાહજિક રીતે થયે જાય છે.** ભગવાનનું નામ એ સુલભ સાધન છે પણ એ સાધનનો ઉપયોગ ખરેખર, દુર્લભ છે. સંસારમાં કીર્તિ, લક્ષ્મી, સ્વરૂપવાન સ્ત્રી વગેરે પ્રાપ્ત કરવાં સહેલાં છે, **પરંતુ ભગવાનનું નામસ્મરણ થયાં કરે એ દુર્લભ છે. આ દુર્લભ સાધન આપણને શ્રીમોટાએ 'પોતા'ના અનુભવથી સુલભ કરી આપ્યું છે. એ માટે આપણે માત્ર ભાવથી સંકલ્પ કરીને શરૂઆત જ કરવાની છે.** *(સમજની બારી પૃ. ૩૨)*

૩. પ્રાર્થના — શ્રીમોટા

પ્રાર્થના શા માટે ?

આપણા મનને સ્વચ્છ, શુદ્ધ રાખવા માટે પ્રાર્થના એ એક ઉત્તમ સાધન છે. **જેમ પાણીમાં કપડાં ને શરીર ધોવાથી તેનો મેલ જતો રહે છે, તેમ ઈશ્વરને અંતઃકરણમાંથી પ્રાર્થના કરવાથી મનનો મેલ સાફ થાય છે. બુદ્ધિ ને પ્રાણ નિર્મળ બને છે, જેમાં બુદ્ધિ, મન અને પ્રાણ સ્વચ્છ અને શુદ્ધ રહે છે. તે હંમેશાં સારાં કામ કરે છે. તેથી પ્રાર્થના કરવાની ટેવ એ સૌથી સારી અને જરૂરી ટેવ છે. જેમ શરીરને સાફ રાખવા સારું નિયમિત નહાવું જોઈએ, તેમ મનને સ્વચ્છ ને શુદ્ધ રાખવા માટે હંમેશાં પ્રાર્થના કરવી જોઈએ. પરંતુ તે સ્વયં ઊર્મિથી ને અંતઃકરણની ભાવનાથી થવી જોઈએ.** કરવી પડે છે એવું જરાપણ લાગવું ન જોઈએ. ઘણા ઘણા ભાવથી તે થવી ઘટે. **નમ્રતાથી, પ્રેમથી, ભાવથી, શ્રદ્ધાથી આવી પ્રાર્થના જે કરે છે તેનું જીવન તેજસ્વી બને છે. પ્રાર્થના એ કંઈ લૂલી લૂલી લાગણીની વ્યક્તતા નથી. ઊલટું લાગણીને યોગ્ય પ્રકારનો આકાર આપવાનું પ્રાર્થના એ તો ઉત્તમ સાધન છે. પ્રાર્થનાના એકધારા અભ્યાસથી બધાં કામોમાં ઓછામાં ઓછા દોષો થાય છે. કારણ કે પ્રાર્થનાના સતત એકધારા અભ્યાસથી જીવનમાં સારા વિચાર કરવાની પ્રેરણા મળે છે.**

ભગવાનને આપણે આપણા રોજિંદા વ્યવહારમાં આવી અનેકવાર પ્રાર્થના હૃદયમાં હૃદયથી કર્યા કરવાની હોય છે. **પ્રાર્થનાનો કોઈ અમુક મુકરર સમય હોય એવું કશું નથી. જ્યાં જ્યાં કહેવા જેવું લાગે ત્યાં પ્રાર્થનાભાવે હૃદયમાં હૃદયથી કહ્યાં કરીએ ને એવી પ્રાર્થનાની પરંપરા જો આપણને થયેલા અત્યંત ઉત્કટ માનસિક સંતાપમાંથી પ્રકટેલી હશે તો તે પ્રાર્થના કરવામાં આપણું હૃદય પણ સામેલ થયેલું હશે.** ગજેન્દ્ર મોક્ષના દૃષ્ટાંતમાં એક બાજુ મગર તેના પગને પકડીને પાણીમાં લઈ જાય છે, ને બીજી બાજુ સર્વ સ્વબળ વાપરીને પોતે પાણીમાં ખેંચાઈ ન જાય તે માટે કારમું યુદ્ધ આપ્યાં કરે છે. આમ યુદ્ધ આપતાં આપતાં જ્યારે તેની હાર થાય છે ત્યારે તે ભગવાનને સાદ પાડે છે. શ્રીભગવાન કૃપા કરીને તેને મગરની પકડમાંથી છોડાવે છે.

પ્રાર્થનાની શ્રેષ્ઠ અગત્ય

સાચી રીતે હૃદયની ભાવનાથી મથનાર (જીવ), જીવન પ્રકટાવવામાં પ્રાર્થનાના રહસ્યનું કેટકેટલું ઉપયોગીપણું છે, તે પોતે સમજે ને પ્રાર્થનાનો જ્ઞાનભક્તિપૂર્વક અંતરમાં અંતરથી આશ્રય લે. **પ્રાર્થના જેવું ચેતનવંતુ ને બળવાળું બીજું કોઈ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી આર્તનાદે અને આર્દ્રભાવે જે 'જીવ' એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરી શકતી નથી. એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ.** જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. કિંતુ **'જીવ'ની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી પણ સૂઝતું નથી ! કોઈક 'જીવ' (પ્રાર્થના) કરે છે, તે પણ કેવી લૂલી લૂલી ! કંઈ પણ કશા પ્રાણ વિનાની. જ્યારે કંઈક સાચી પૂરી ગરજ જાગે, કંઈક ઊંડું ઊંડું દર્દ થાય, ને ઘણું ઘણું સાલવા માંડે, ત્યારે જે પ્રાર્થના થાય છે તેમાં પણ દર્દથી જે પ્રાર્થના થાય છે, એટલે કે જે પ્રાર્થના ભાવથી અંતરનું દર્દ વ્યક્ત થાય છે, તેવી પ્રાર્થનાનો ભાવ કંઈ ઓર હોય છે.** માટે આપણે તો જેમાં તેમાં એ વહાલાને હૃદયમાં પ્રાર્થનાથી પોકાર્યા જ કરવાનો છે. પ્રાર્થનાથી જેને જે બળ પ્રકટે છે, જે આત્મવિશ્વાસ પ્રકટે છે ને જીવનના સાચા આધારની જે ખબર પડે છે તે

પ્રાર્થનાનું સાચું શરણું સાચી રીતે સમજી શકે છે. **આ 'જીવે' તો પ્રાર્થના કરી કરી જીવનમાં એની કૃપાથી રચનાત્મકપણું પ્રકટાવવાનું કરેલું છે. માટે કદી પણ લાચાર બનવું નહિ. સંસારી 'જીવ' આગળ કદી પણ લાચારી દર્શાવવી નહિ. લાચારી દર્શાવવાની હોય તો તે એકલા આપણા વહાલા પ્રભુ પાસે જ હોય. કંઈક કશું થતાં પ્રાર્થના કરવી.** પ્રાર્થના તો કામ કરતાં કરતાં પણ થઈ શકે છે. **મનને કદી પણ ગ્લાનીમાં ગરકાવ થઈ જવા ન દેવું. મનની શાંતિ, પ્રસન્નતા, સમતા, ધીરજ વગેરે તો જેમ અખંડ જીવતાં રહે તેમ પ્રભુકૃપાથી મથવાનું છે.**

પ્રાર્થનાથી સનાથતા

પ્રાર્થનાથી કેવી કેવી ગેબી મદદ મળે છે, તેનો અનુભવ જ્યારે જીવનમાં પ્રકટે છે, ત્યારે તે પોતે કંઈ કશાથી કદી પણ ગભરાઈ જતો નથી. ગૂંચ, મુશ્કેલી, ઉપાધિ, ક્લેશ, સંતાપ વગેરે વગેરે પ્રકટતાં તે મૂંઝાઈ જતો નથી. તે તેવી વેળા પ્રાર્થનાનું શરણું ગ્રહણ કરે છે, ને પોતે પાછો સનાથ બને છે. સંસારવહેવાર વર્તનમાં આપણાથી ઘણી ઘણી વેળાએ સનાથ બની જવાના પ્રસંગો પડ્યા જ કરે છે. પણ તેવી વેળા સનાથ છીએ તેનું જ્ઞાનભાન તેવા પ્રસંગમાં પ્રકટ્યાં કરે, તો જે જે **પ્રસંગો આપણને અનાથ કરાવવા મથતા હોય, ત્યારે આપણી હૃદયની સનાથપણાની હૂંફ, ઓથ ને સહાનુભૂતિ તેવા તેવા પ્રસંગના હેતુને એળે બનાવી દે છે. ફરીથી પાછાં આપણે તેનાથી વધારે તેજસ્વીપણાવાળાં પ્રકટ્યાં કરીએ છીએ. એવી છે પ્રાર્થનાની અદ્ભુત શક્તિ.**

પ્રાર્થનાના અભ્યાસના લાભ

જ્યારે કોઈ જાતની અકળામણ થાય અને જો આપણે ભગવાનને માનતા હોઈએ અને એનામાં ડૂબી જવાની વાતમાં શ્રદ્ધા રાખતા હોઈએ તો તેવી તેવી વખતે તે માટે પ્રાર્થના કરવાનું રાખવું. **વળી દિલની કોઈ પણ વાત વિષે પૂરી નેકદિલીથી ખુલ્લેખુલ્લું આત્મનિવેદન આપણે એ પરમ કૃપાળુને ચરણે કરી શકીએ છીએ, કરવું જ જોઈએ.** આપણે લક્ષમાં રાખવાનું છે કે તે વખતે આપણી ભાવના સંપૂર્ણ શરણાગતિની હોવી જોઈશે. બીજી કોઈ જાતની ભાવના કે લાગણી તેમાં ભળી ગયેલી ન હોવી ઘટે. તે ઉપરાંત એ **આત્મનિવેદન કરવામાં આપણી ભાવનાનો પારો ઊંચામાં ઊચો હોય, એમાં શુષ્કતા ન હોય, તો આપણને એનો જવાબ મળશે. કદાચ શરૂઆતમાં એકદમ ભલે આમ ન બને તોપણ આ જાતનો અભ્યાસ આપણને ઘણો મદદરૂપ થઈ પડે છે.**

પ્રાર્થનાની ટેવ તો પાડી જુઓ

આપણે બધાં નીકળ્યાં છીએ જીવનવિકાસ કરવાની સાધના કરવા. પણ શી આહાહા આપણી ખૂબી છે ! ગુરુએ સાધનને ઘણું ઘણું સમજાવ્યું, એનો કેમ ઉપયોગ કર્યા કરાય તે નજર સમક્ષ દોરવ્યા કરી પ્રેરવ્યાં કર્યું, પ્રાર્થનાનો ઉપયોગ કરવાનું સૂચવ્યાં કર્યું, પણ ખરેખરી હૃદયની ભાવનાથી કેટલાં એનો સાચો પૂરો ઉપયોગ કરી શકે છે ? અરે ભાઈ ! **ખરી અણીની વેળા પ્રકટતાં, પ્રાર્થનાનો ઉપયોગ તો કરી જુઓ ! પ્રાર્થના કરવાથી જે બાબતમાં પ્રાર્થના કરતાં હોઈએ તે ફળે કે ન ફળે તે ઘણી મહત્ત્વની હકીકત નથી. પરંતુ જેમ જેમ પ્રાર્થનાનો ભાવ આપણા હૃદયમાં પ્રત્યક્ષપણે જીવતો બન્યા કરતો હોય છે, તેમ તેમ શ્રીભગવાનના ભાવ સાથેનો આપણા અંતરનો સંબંધ બંધાતો જતો હોય છે. હૃદયમાં હૃદયથી પ્રાર્થનાનો ભાવ જગવી જગવીને આપણે કોઈ અદૃશ્ય એવા એને પોકારતા હોઈએ છીએ.**

અનેક સંત ભક્ત જ્ઞાની આત્માઓએ જીવવિકાસની સાધનામાં પ્રાર્થનાનો સહારો લીધા જ કરેલો છે. તેઓએ તો કંઈક થતાં શ્રીભગવાનને પોકાર પાડ્યા જ કરેલા છે. તેમને તેમનો પોકાર

ફળે કે ન ફળે તેના તરફ તો ધ્યાન હોતું જ નથી. **એવા પોકારથી આપણે કેવાં કેવાં હળવાં, શાંતિવાળાં બની જતાં હોઈએ છીએ ! સાધનાના માર્ગમાં પોતાના તેવા જ્ઞાનયુક્ત ભાવનાથી થતા રહેતા પ્રચંડ પ્રકારના પુરુષાર્થથી ને હૃદયની પ્રાર્થનાની એવી પ્રેરણાત્મક, ચેતનાત્મક મદદથી આપણે કલ્પી પણ ન શક્યાં હોઈએ, ધારી ન શક્યાં હોઈએ એવી આધ્યાત્મિક પ્રગતિ તેનાથી પામી શકતાં હોઈએ છીએ. હૃદયના જ્ઞાનપૂર્વકના, હેતુના ઉપયોગીપણાના સાધન તરીકે વપરાતા પ્રાર્થનાભાવથી શ્રીભગવાન કે ચેતન પરત્વેની આપણા હૃદયમાં ખરી ભક્તિ પ્રકટતી જતી હોય, એવો પણ અનુભવ આપણને જીવનમાં આગળ જતાં થયા કરતો હોય છે.**

સંસારી સાંકળમાં કેદ પુરાઈ ન રહેવા કાજે પ્રાર્થના કરો

આધ્યાત્મિક જીવનમાં – જો તે સાચેસાચ તેના ભાવનાના પ્રકારનું જીવન હોય તો તેમાં – 'જીવ' પ્રકારની કામના, આશા, તૃષ્ણા વગેરેને તાબે થઈ જવાનો આધ્યાત્મિક 'જીવ'ને કશો અવકાશ હોતો નથી. તેવો સાધક કદી તણાય, પણ તેની ચોકીદાર સમી હૃદયની જાગ્રતિ તેને તેમાંથી કાઢીને ઘસડી લાવી ઉપર ખેંચી આણે છે. **સાંસારિક જીવનની સાંકળથી મુક્ત થઈ જ ન શકાતું હોય, ને બીજી બાજુ તેની મહેચ્છા આધ્યાત્મિક જીવન પરત્વેની થોડી ઘણી પણ હોય, તો તેવા 'જીવે' પ્રાર્થના કરી કરી શ્રીભગવાનની મદદ માગવી રહી.**

પ્રાર્થના ના ફળે તો...!

તેમાથી (સાંસારિક પ્રકારના–'જીવ' પ્રકારના વલણમાંથી) નીકળી શકવાને તે મદદ માગ્યા જ કરતો હોય છતાં ધારો કે કારી ન ફાવી શકતી હોય ને હાર ને હાર જ મળ્યા કરતી હોય તો શું સમજવું ? **તો એવા 'જીવે' એમ સમજવુંકે હજી એને પ્રાણના ક્ષેત્રની લોલુપતા ટળેલી નથી. એમાં એનો જીવ લપેટાયેલો છે. એનાથી મુક્ત થવાનું એનું દિલ બળ્યું બળ્યું થઈ ગયેલું નથી. એની ઝંખના પ્રચંડ જ્વાળામુખીના જેવી ધગધગતી બની ગયેલી નથી.**

આવી રીતે આપણે જ્યારે આપણી હાલની જીવ-પ્રકારની દશા ખરેખરી રીતે ખૂબ કઠવા માંડશે અને ધ્યેયને સાકાર કરવાને કાજે પૂરેપૂરો મરણિયો નિર્ધાર જીવનમાં પ્રકટેલો હશે, ત્યારે જ આપણે પ્રભુકૃપાથી ઊંચે આવી શકવાના છીએ. કોઈપણ પ્રકારની છેતરપીંડી કે દંભ આ માર્ગમાં ચાલી શકે તેમ નથી. માનવીને કદી પણ એવો જીવતો ખ્યાલ પ્રકટી શકતો નથી કે તે સાવ પોકળતાભર્યું અને દંભી જીવન જીવી રહ્યો છે. **પ્રભુના માર્ગે જીવવા ઈચ્છનારને તો તેની પ્રકૃતિનું, તેના સ્વભાવનું, તેના ગુણનું, તેના અવગુણનું – એ બધાનુંયે સ્પષ્ટ દર્શન થઈ જતું હોવું જોઈએ. અને એવું થતું વક્રતાનું દર્શન એને હજારો વીંછીના ડંખની પેઠે જ્યારે સાલવા માંડશે, ત્યારે તે સફાળો ચોંકીને તેમાંથી જરૂર ઉઠવાને મંડી શકવાનો. એવી વેળાએ હૃદયના આર્તનાદથી આર્દ્રભાવે મદદને માટે શ્રીભગવાનની જે પ્રાર્થના થશે તેવી પ્રાર્થના તેને પ્રેરણારૂપ ને મદદગાર નીવડશે.**

જ્યારે પ્રકૃતિનું દર્શન થાય ત્યારે યાદ રાખવું કે આ પ્રકૃતિ અનેક સ્વરૂપે આવિષ્કાર પામવાની છે. એ બધાં તત્ત્વોને એક પછી એક પકડીને યોગ્ય દિશામાં વાળી હેતુ સિદ્ધ કરવાનો છે. **આળસ ને પ્રમાદ એ જીવનનો ધ્વંસ કરનાર શત્રુ છે.** આ બધા શત્રુઓ પ્રેરાવનાર ગુણો **તમસ** અને **રજસ** છે. એટલે જો આપણે તેમને હઠાવવાં હોય તો **સત્ત્વગુણની** ક્રિયામાં ગતિશીલ થવું પડશે. તે સત્ત્વગુણમાં **ગતિશીલ થવાને** માટે **સ્મરણ, પ્રાર્થના, ધ્યાન** અને તે પ્રકારની ભાવનામાં **નિરંતરતા પ્રગટવી ઘટે.** તેમ થતાં રજસ-તમસનું નિર્મૂળ થવાપણું બની શકે ખરું,

તથા જેના જેનાથી કરીને જીવદશામાં વળગ્યા રહેવાનું હોય, અને એમાં જે અનેક પ્રકારના **વિચારો, વૃત્તિઓ, વલણો, લાગણીઓ વગેરે જાગે છે તે બધાંથી મુક્ત થવાને કાજે અનાસક્તિ, નિરાગ્રહ, નિર્મમત્વ, નિર્લોભ, નિષ્કામ, નિરહંકાર – આ બધાં વડે આપણું પ્રભુકૃપાથી પાર થવાપણું બને તો જીવદશાનું ટળવાપણું અને આપણું 'મરવાપણું' જરૂર બની જાય. આ બધું થયા વિના ચેતનનો અનુભવ થવો અથવા તો જીવનનો વિકાસ થવો કદી પણ શક્ય નથી.**

જ્યારે આપણે સાધનાની ભાવનાના પ્રચંડ પ્રવાહમાં પ્રગટેલા હોઈએ છીએ ત્યારે કામ, ક્રોધ, લોભ, મોહ આદિ બધા નિર્મૂળ થઈ ગયા હોય છે એવું તો કશું નથી, તે લુચ્ચા તો છાનામાના ટૂંટિયું વાળીને અંદર પડી રહેલા હોય છે. સાધનાની ભાવનામાં જ્યારે જ્યારે મંદતા પ્રગટે છે, ત્યારે જો આપણે જાગી શકતા હોઈએ તો કોઈક વેળા તેમના તેમના પ્રવાહની પકડમાંથી મોળા બનવાનું ભગવાનની કૃપાથી કરી શકતા હોઈએ છીએ, પણ કોઈક વખત તેમાં તણાઈ પણ જઈએ છીએ. **સાધના કરતાં કરતાં તેની મંદતાના સમયમાં આવા છાના પડી રહેલા શત્રુઓનું જોર એવી પળે વિશેષ ને વિશેષ જોરદાર હુમલાને સ્વરૂપે પ્રચંડપણે પ્રગટતું હોય છે.**

જીવનવિકાસ પરત્વે જેની તીવ્રતા છે, તેને પોતાને આવું **નિમ્નગામી** પ્રકૃતિનું અનુભવદર્શન, એ એટલું બધું તો હેરાનપરેશાન કરે છે ને તેથી તે એટલી બધી તો વેદના થાય છે કે એવી વેદનાને પરિણામે તે પોતાની પ્રાર્થનાથી પ્રભુને પોકારે છે. લોઢું લાલચોળ થયેલું હોય ત્યારે જ તેના પર ઘણના ભારે પ્રચંઢ ઘા તે આકાર પમાડવાને કાજે મારવા પડે છે. આમાં પણ એવા જ કાળે આપણે **સત્ત્વગુણની** પ્રક્રિયામાં જ્ઞાનપૂર્વક **પ્રવેશવાનું રહે છે. પ્રાર્થના એ આપણું ભારેમાં ભારે સાધન છે.**

More things are brought by prayer than this world dreams of. એવી એક અંગ્રેજી જાણીતી કવિતા છે અને તે મને પોતાને તો અનુભવે સાચી લાગે છે.

સાધનાકાળમાં જરાક ખોડંગાતા તેનું જાગ્રત, તીવ્ર, વેદનાયુક્ત ભાન પ્રકટે તો જ તે દશામાંથી મુક્ત થઈ શકાય. કોઈક દશામાં પડી રહેવાતાં તેમાં જ્યારે ઘણી ઘણી વેદના પ્રકટે છે, ત્યારે તે દશામાંથી હઠવાને માટે સહજ પ્રયત્નો બને છે. એવા પ્રયત્નોમાં પ્રભુકૃપા યાચવાને અને મેળવવાને માટે રોજ ને રોજ પ્રભુની પ્રાર્થના કર્યા કરવી.

(પ્રાર્થના, પૃ. ૧-૧૦)

અનુસંધાન પાના નં. ૨૨ પરથી

ઉપર જ બધો આધાર છે. આ જીવે (પૂ. મોટાએ) હરિજન આશ્રમમાં દિવસોના દિવસ સુધી મળની ડોલો ઊંચકીને મળ સાફ કરેલો છે. એટલે આ બધી હકીકતની ઝીણવટનો મને ખ્યાલ છે.

(૧ કર્મ-ઉપાસના)

કર્મને તો સૌ કોઈ જોઈ શકે છે, પરંતુ **કર્મમાં જે જીવતો જાગતો હેતુ હોય છે, તેને તો કોણ જોઈ શકે ને પારખી શકે ?** આ હકીકત સાચી છે. આપણે કર્મ કરવાનું છે આપણા પોતાને માટે. જો **જીવનના ધ્યેયમાં મરણિયા નિર્ધારની ભાવના જે જીવમાં ખરેખરી જીવતી જાગતી પ્રગટી ગયેલી છે, તેવા જીવને તો થતા જતા પ્રત્યેક કર્મમાં જીવના ધ્યેય પરત્વેના હેતુ ને ભાવ, ગુણ અને શકિત પ્રકટેલાં રહ્યાં કરેલાં જ હશે. એવું જ એને પ્રત્યક્ષ પ્રત્યેક કર્મમાં, પોતાની સમજણમાં ને અનુભવમાં ખરેખરું એક ધારું દિલમાં દિલથી લાગ્યાં જ કરતું હોય તેવો જ જીવ વિકાસમાં આગેકૂચ કરી શકવાનો છે,** બાકી નહિ. આવા પ્રકારનો જીવ વિકાસવાંછું, સાધનામાં પ્રગટેલો જે જીવ છે તેની વાણીમાં પણ કોઈ ન્યારા પ્રકારનો છે.

('સંસ્કારવિચારકર્મ' વિશે, પૃ. ૪૯-૫૩)

૪. અનુષ્ઠાનનું મહત્ત્વ

– શ્રીમોટા

ટ્રિચિ   તા. ૯-૨-૧૯૪૩

કોઈ પણ વિષય કે કાર્યક્ષેત્રમાં કોઈ સારો ને સહૃદયી શીખવનાર પ્રત્યક્ષપણે મળી જાય તો તે વિષય કે કાર્યક્ષેત્રમાં કુશળતા મેળવવી શીખનારને ઘણી સહેલી થઈ પડે છે. પોતાના કુટુંબની જ કોઈ વ્યક્તિને વેપાર શીખવવાનો હોય છે, તો વેપારી તેને એકની એક ઘરેડમાં રાખી મૂકતો નથી. નવું નવું કામ શીખવાને જે તકો અને પ્રસંગો એવા અંગત સંબંધીને વેપારી આપે છે તેવી તકો અને પ્રસંગો ઘણાં વરસથી કામ કરતા ગુમાસ્તાઓને પણ તે નથી આપતો. ગુમાસ્તાઓ કેટલીક વાર પેલા અંગત સંબંધી કરતાં બુદ્ધિ અને અનુભવમાં ચઢિયાતા હોય છે, તોપણ તેમને તેવી આગળ જવાની સુગમતા મળતી હોતી નથી, કેમ કે ગુમાસ્તાઓને હેતુપૂર્વક શિખવાડનાર મળેલો હોતો નથી. તેવી જ રીતે વિદ્યાર્થીને શિક્ષક પ્રત્યક્ષપણે શીખવે છે, ને બાળકને માબાપ. સંસારમાં જ્યાં જ્યાં નજર નાખીશું ત્યાં માલૂમ પડશે કે દરેક વ્યક્તિ કોઈ ને કોઈ શીખવનાર પાસેથી પોતાને જોઈતું શીખી લે છે. તે તે બાબત શીખવાના ક્રમમાંથી શીખવનારને પસાર થવું જ પડે છે. પરંતુ તેવા વિષયો શીખવામાં માનવીનો દેખીતો સ્વાર્થ રહ્યા કરતો હોવાથી તે શીખતાં, થતા કડવામીઠા અનુભવોને તે બહુ ખ્યાલમાં લેતો નથી.

જે હકીકત સંસાર-વ્યવહારમાં પ્રવર્તે છે, તે જ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ રહેલી છે. જે કોઈને વિષે આપણાં મન, બુદ્ધિ, ચિત્તમાં શ્રદ્ધા ને વિશ્વાસ બેઠાં હોય-પછી ભલે ને શરૂઆતમાં તે ઘણા થોડા અંશે બેઠાં હોય, તેની સાથે આપણા જીવનનો સંબંધ, સંપર્ક વધાર્યા કરવાથી આપણું દૃષ્ટિબિંદુ, પ્રવૃત્તિ ને વલણ જરૂર રૂપાંતર પામતાં જાય છે. નવું નવું શીખવાનું મળે છે. જેમ પેઢીના સંચાલક સાથેના સંબંધને, લીધે પેલા આત્મીયજનને વેપારની ઝીણામાં ઝીણી બાબતથી તેને લાખો રૂપિયાનો વેપાર કરવાની કળા શીખવાની તક સાંપડે છે, તેમ જિજ્ઞાસુને પણ પોતાનું જીવન કોઈ સંતપુરુષ સાથે સાંકળી દેવાથી અને તેના હૃદય સાથે પોતાના હૃદયનો તાંતણો મેળવી લેવાથી આ ક્ષેત્રમાં પણ આગળ વધવાની ઘણી તક મળે છે, ને પરિણામે ઝટ આગળ વધાય છે.

એમાં સંતના હૃદય સાથે આપણા હૃદયનો મેળ મેળવવાની પ્રાથમિક શરૂઆત, એનું નામ અનુષ્ઠાન.

અનુષ્ઠાનથી પેલો સંત સાધકના જીવનમાં પ્રવેશ કરવાનું પગરણ કરે છે. તેમ થયા વિના પેલા સંતનો લાભ આપણને પૂરતો મળી શકતો નથી. જ્યાં સુધી એક જ વેપારીની પેઢીમાં રહીને શીખવાનું ન કરીએ ત્યાં સુધી જેમ તે વેપારની કળા શીખી શકાતી નથી, તેવું આમાં છે. એકની એક જાતનું વેપારનું સૂક્ષ્મ તત્ત્વ વધારે સમજવાને કોઈક વખત પેઢીનો સંચાલક તેના શિખાઉ સ્વજનને કોઈ બીજી પેઢીએ પણ વધારે અનુભવ લેવા મોકલે પણ છે; પરંતુ એવા થોડા સમય માટેનો ફેરફાર સંચાલક પોતે જ કરે છે, એટલું જ નહિ પણ તે બીજી પેઢીના સંચાલકને પોતાના શિખાઉ સ્વજનના ગુણદોષો પણ અગાઉથી છાની રીતે જણાવે છે અને કઈ બાબતમાં તેને ખાસ કેળવવાનો છે તે પણ સૂચવે છે. જેમ આવો અસાધારણ લાભ સંચાલકના અંગત માણસોને જ મળે છે, **તેમ સંતપુરુષની સાથે આવું આપણા જીવનનું અંગતપણું કેળવવાની શરૂઆત કરવી એનું નામ જ અનુષ્ઠાન છે. જેમ જેમ એ આત્મીય ભાવ વધતો જાય છે તેમ તેમ સાધકનો વિકાસ ઝડપી થતો જાય છે. સંતના જીવનની સાથે અનુષ્ઠાન થયા વિના**

આવો લાભ મળી શકતો નથી. એ અનુષ્ઠાન દ્વારા પેલો સંતપુરુષ આપણામાં પ્રવેશે છે ને આપણી પ્રકૃતિ-સ્વભાવ, આપણા જીવનમાં નીચલા થરનાં વહેણો, આપણું પ્રારબ્ધ તથા આપણે શેમાં શેમાં ભરાઈ પડેલા હોઈએ છીએ એ બધાનો ખ્યાલ કરવાની તક તેને મળે છે. ગમે તેના જીવનમાં વિના કારણે તે કદી પ્રવેશતો નથી. એને એવી કોઈ જાતની ગરજ પણ હોતી નથી. સાથે સાથે એ પણ ખરું જ છે કે **સંતના પોતાના જીવનના, સાધકના જીવનના, ગૂઢ પ્રારબ્ધ કર્મસંજોગે જો કોઈ સાધક તેની પ્રત્યે આકર્ષાઈને તેની સાથે જોડાવા માગે છે તો પછી સાધકની યોગ્યાયોગ્યતા વિષે તે કશું જોતો નથી. સાધકનો જીવનવિકાસ કરવાનું કાર્ય પણ તે પોતે જ પોતા માટે કરતો હોય છે, કેમ કે એને મન સાધકમાં પોતાની જાત સંકળાયેલી જણાયેલી હોય છે.** આમ હોવાથી એ સંત સંતપણાની કોટિમાં આવ્યા પહેલાં તે સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે પોતાની જાત પ્રત્યે જેવો નિષ્ઠુર બન્યા કરેલો હોય છે, તેવો જ નિર્દયી તે સાધક પ્રત્યે પણ વખત આવ્યે જરૂર થશે. દરેકની સાથે તે નિષ્ઠુરતાથી જ વર્તશે એવું પણ નથી. પરંતુ કયા સાધકના પોતાની સાથેના કર્મપ્રારબ્ધના સંજોગો કેવા છે તેની તેને જાણ હોવાથી યોગ્ય વ્યક્તિ સાથે યોગ્ય સમયે તે વ્યક્તિના કલ્યાણ અર્થે જ તે આવું વર્તન કરશે. શરૂઆતમાં સાધક પેલા સંતનું આવું વર્તન સમજી શકતો નથી, ને તેથી તેના પ્રત્યે તે ક્રોધે પણ ભરાય કે મનમાં અન્યથાપણે તે વિચારે; પરંતુ તેથી સાધકને પોતાને જ નુકસાન થાય છે. તે વિચારે ને સમજે તો તેને ખબર પડે કે એથી તો તે પોતાનું જ કલ્યાણ દૂર ધકેલ્યા કરે છે, ને કંઈ કંઈ નિવાર્ય ઉપાધિઓ પોતાને માથે વહોરી લે છે. આ ઉપાધિઓ એક જ જાતની હોતી નથી, પણ અનેક જાતની હોય છે. જેમ માટીનું વાસણ ટપેર્યા વિના ઘડી શકાતું નથી, વેપારીનો છોકરો પણ અનેક વખત છક્કડ ખાધા વિના વેપાર શીખી શકતો નથી, ને બાળક પણ માબાપનું જે તે સહન કર્યા વિના શીખી શકતું નથી, તેવું જ આ બાબતમાં છે. **આપણી ગમે તેવી સમજણથી કે આપણા કોઈ સ્વાર્થની ગણતરીને લીધે પણ જો કદી એક વાર સંતપુરુષ સાથે આપણી સંમતિથી અનુષ્ઠાન થયું તો સંતપુરુષ આપણને કદી છોડશે નહિ.** સાધકને ગમે તેવું દુઃખ અને કષ્ઠ થાય તોપણ જે કંઈ યોગ્ય કરવાનું હશે તે કરતાં સંત અચકાશે નહિ. જ્યાં સુધી એવી ઘડાવાની ક્રિયાને સાધક દુઃખ અને કષ્ટ ગણ્યા કરશે ત્યાં સુધી તેને સંતાપ અને કલેશ રહ્યા કરશે. જે શક્તિનો ઉપયોગ જે રીતે સાધકના જીવનમાં કરાવવા સંત પ્રેરાયા કરતો હોય છે, તેનો દુરુપયોગ થતો જોઈને પણ તે હાથપગ વાળી બેસી રહેશે નહિ. ભલેને સાધકનું માનસ ગમે તેવું હોય તોપણ તેની તેવી શક્તિ કોઈ ને કોઈ પ્રકારે સાધકને અસર કરશે જ. વેપારી તો ભાવના ઉછાળાનો લાભ લેવા જેટલું સાહસ તેનામાં ન હોય તો એ વધારે મળવાનો લાભ જ માત્ર ગુમાવે છે, તેની પોતાની મૂડીમાંથી કશું ઓછું થતું નથી; પણ સાધકને તો વિશેષ ગેરલાભ સંતના સંપર્કનો લાભ ન લેવાથી થાય છે. પોતાના ઘડાવાની ક્રિયામાં સાધક જો અનુકૂળ માનસ ન રાખ્યા કરે અને એ રીતે ગુરુનો સૂક્ષ્મ વિરોધ કર્યા કરે તો તેને વેપારીના કરતાં ઘણા વધારે ખત્તા ખાવાના આવે. આવા પ્રસંગોએ એ તૂટી પણ પડે. આવી નિરાશા કોઈ કોઈ સાધક સહન કરી શકતો નથી. પેલા સંતપુરુષને જે ભોગવવાનું થાય તે તો, સાધકની સાથે પોતાનું કર્મપ્રારબ્ધ જે રીતે સંકળાયેલું હોય તે રીતે જીવન-કલ્યાણના હેતુ અર્થે, તે ભોગવી લેતો હોય છે; તે તે રીતે સાધકના સ્વભાવનું, ચિત્તનું, મનનું, સંસ્કારોનું વગેરેનું રૂપાંતર કરવાને માટે જ તે અનેક રીતે પ્રયત્ન કરતો હોય છે, એટલે એ, એ બધાથી

નિર્લેપ પણ રહે છે. **તેથી સંતપુરુષ સાથે એક વાર સાધકનું જીવન સંકળાયું તો તે પછી તેના પ્રતિ જેટલે અંશે સાનુકૂળ, શરણભાવવાળો અને સર્વ પ્રકારનું સમર્પણ કર્યા કરનારો, ભાવનાવાળો, હૃદયના ઉમળકાથી ગતિ કર્યા કરનારો, સાધક રહ્યા કરશે તેટલે અંશે તેના જીવનનો સાત્ત્વિક વિકાસ ઝપાટાભેર થયા કરશે.** સાધકના સંત સાથેના અનુષ્ઠાનની આવી અનેરી મહત્તા છે.

કોઈને કદાચ એવો પ્રશ્ન ઊઠે કે **જો કોઈ જીવાત્માનું રૂપાંતર આવા કોઈ પુણ્યપુરુષના સંસર્ગથી પણ ન થાય તો શું એને માટે આવો સંતસમાગમ એળે જ જવાનો ? પણ સંતસમાગમ એમ છેક જ એળે જતો નથી. જેમ જીવનના બીજા સંસ્કારો (સંસારના વ્યવહારક્ષેત્રમાં થયેલાં કર્મોના સંસ્કારો) દરેકના ચિત્તમાં પડ્યા જ કરે છે, તેમ સંતપુરુષ સાથેના સંપર્કના સંસ્કારો પણ તેના ચિત્તમાં જરૂર પડવાના જ. એવા સંસ્કારોનો ઉદય કોઈક વેળા તો જરૂર થવાનો જ.** પરંતુ પેલા જીવાત્માના હાલના જીવનના તબક્કે એના કર્મ-પ્રારબ્ધના ઉદય-વર્તમાન સંસ્કારોનું જોર ઘણું હોય છે. તે પોતે એમાં અજ્ઞાનપણે દોરવાયા કરે છે, **એટલે સંતપુરુષના જીવન સાથેના પડેલા સંસ્કારો એમ ને એમ એના ચિત્તમાં પડી રહેલા છે. જેવી રીતે ભગવાનનો ભાવ સચરાચરમાં સર્વત્ર પડી રહેલો હોય તે પણ તેની અસર આપણને લાગતી નથી, તેમ સંતસમાગમના સંસ્કારો એમ ને એમ પડી રહે છે.** પણ આપણે જો જીવંત પુરુષાર્થ કરવા લાગીએ અને તે પણ જાગૃતિપૂર્વક અને જ્ઞાનપૂર્વક કરીએ તો પેલા સંતના પડી રહેલા સંસ્કારો આપણને જરૂર પ્રેરક તત્ત્વરૂપે મદદ કર્યા કરશે. **કર્મપ્રારબ્ધના વહેણમાં ગમે તેટલો તણાઈ જતો માણસ પણ સંતસમાગમથી જરૂરી કૈંક ને કૈંક તો પામવાનો છે જ.** તેની સમજણશક્તિ આ જીવનમાં પણ ઊંચી જરૂર થાય છે; અને માનવીની ઉચ્ચનીચ કોટિનો ભેદ-વિવેક તેની બુદ્ધિમાં તો પ્રગટ થવાનો જ. એ પ્રમાણે વર્તન ન કરી શકે તોપણ બીજા જન્મમાં, **ચિત્તમાં પડી રહેલા આવા સંસ્કારોનો ઉદય થવાની સરળતા તેને સાંપડ્યા કરશે. આમ સંતપુરુષના સમાગમની અસર કોઈ ને કોઈ રીતે લાભદાયી થવાની જ. તે અસરનો લાભ કેવી રીતે અને કયારે લેવો તે આપણા પોતાના હાથની વાત છે.**

બીજો પ્રશ્ન એવો સંભવે છે કે આ ચાલુ જીવનમાં કર્મપ્રારબ્ધને કારણે એવો જીવાત્મા તો ઘસડાયા કરતો હોય છે, એટલે નવા ને નવા સંસ્કારો તેનામાં દૃઢ થયા કરવાના અને એવાં સંસારી સંસ્કારોનું જોર વધ્યા જ કરે. તો પછી સંતસમાગમ એને કેવી રીતે ફળી શકે ? આ પ્રશ્ન પરત્વે વધારે ઊંડા ઊતરતા માલૂમ પડે છે કે **એવો જીવાત્મા પણ કોઈ સાચા સંતના સમાગમમાં આવ્યો હોય તો તે પણ તેના યોગાનુયોગ કર્મનું જ પરિણામ છે. એટલે એણે કોઈ ગૂઢ રીતે પણ એ સમાગમની થોડીઘણી લાયકાત તો મેળવી જ છે.**

આમ પૂર્વના અનુકૂળ સંસ્કારોને પરિણામે એને સંતના સમાગમનું ફળ મળ્યું તો એ સમાગમ એને વિશેષ ફળદાયી જરૂર થાય. એવો માણસ ભલે ને દેખીતી રીતે જૂની ઘરેડમાં જ ચાલ્યા કરતો દેખાય તોપણ તેના મનમાં ઊંડા થરોમાં આછી આછી પણ, થોડીઘણી પણ, હિલચાલ આવા સંપર્કને લીધે થયા જ કરશે. વળી ગમે તેવો નીચલા થરનો જીવ હોય તોપણ તે તેના જીવનમાં કંઈ પણ પુરુષાર્થ કરતો જ નથી કે વિકાસ કરતો જ નથી એમ માનવું એ પણ અયોગ્ય છે. તે ઉપરાંત જો તે કેવળ કર્મ-પ્રારબ્ધના સંયોગે કરીને સંસ્કારોને વશ પૂરેપૂરી રીતે રહીને જીવન વિતાવતો હોય તોપણ એ જ રીતે આ નવા ઊર્ધ્વગામી સંસ્કારોને વશ રહીને પણ તે ઓછેવત્તે અંશે વર્તશે જ; અને **જો અનુષ્ઠાનને કારણે સંતથી એનામાં વિશેષ રહેવાનું બને તો એવા**

સંસ્કાર વધારે ને વધારે પડવાના જ. જેમ કોઈ જાતના સંસ્કારો તેનામાં પડ્યા વિના રહેતા નથી તેમ જ આ જાતના પડશે, અને તે પેલા સંસ્કારોની જેમ જ નકામા જવાના નથી. આમ પરસ્પર વિરોધી બે જાતના સંસ્કારો એના ઉપર પડે છે. **પણ સંસારી માનવીના ચિત્તમાં પડેલા કે પડતા બીજી જાતના સંસ્કારો ભલેને ગમે તેટલા બળવાન હોય તોપણ એ સંસ્કારોના બળ કરતાં સંતપુરુષથી પડેલા સંસ્કારો વધારે બળવાન હોય જ છે.** આ કંઈ કલ્પનાસૃષ્ટિમાંથી ઉપજાવેલી મનોહારી અવાસ્તવિક કથા નથી, એ તો સત્ય ઘટના છે; અને એ ઘટનાને બુદ્ધિના પ્રમાણનો પણ ટેકો મળી શકે છે. **સંસારી સંસ્કારો રાગદ્વેષયુક્ત કામક્રોધાદિથી ભરેલા હોય છે, એટલે તેમાં આસક્તિ હોય છે, પણ ગમે તેવી આસક્તિથી ભરેલો સંસારી માનવી ગમે તેવા આસક્તિના પ્રયોજને પેલા સંત તરફ આકર્ષાય તોપણ સંત જાતે આસક્તિ રહિત હોવાથી સંતથી એનામાં પડતા સંસ્કારો આસક્તિ વગરના જ હોય છે. સંતનું પોતાનું જીવન એટલું તો મહાન, પ્રખર, તેજસ્વિતા ને ઓજસથી ભરેલું, ભગવાનની શક્તિથી ભરેલું હોય છે કે સંસારી માનવીનું તેના પ્રતિ આકર્ષણ થતાં પેલો સંત તેની સંસાર તરફની આસક્તિનું જોર પણ ખેંચી લેશે, અને સમય આવતાં પોતાના સંસ્કારોનો ઉદય તેનામાં કરાવશે.**

આમ અનુષ્ઠાનની ગાથા એ કેવળ અનુભવનો વિષય છે.

(જીવન સંદેશ, પૃ. ૭૯-૮૨)

ચેતનપ્રાણ

ચેતનપ્રાણ પ્રકટે તો જ આગળ ધપી શકાય. બાકી તો છીએ ત્યાં ને ત્યાં જ રહેવાના છીએ તે નક્કી જાણજો.

– પૂ. શ્રીમોટા

અનુસંધાન પાના નં. ૯ પરથી

આ દીક્ષા મળી ત્યારથી જ એમણે મને હુકમ કર્યો કે ભઈ તારે ભગવાનનું નામ લેવાનું. હરિઃૐ બોલવાનું અને અખંડ કરી દેવાનું. અભય, નમ્રતા, મૌન અને એકાંત પાળવાના. ઘરમાં સૂવાનું નહિ.

વાણી-૧૨ : ૧૩

(મારી સાધનાકથા - પૃ. ૨૫ થી ૨૮)

ચેતનનિષ્ઠનું અંતરયામિત્વ

નડિયાદમાં મારા ગુરુમહારાજે મને કહ્યું હતું કે, **'બીજાને ઓળખવાની ગડમથલમાં પડીશ નહિ.'** એક દિવસ એક રસ્તે જતાં માણસને પત્થર મારવાનું કહ્યું. ગુરુમહારાજનો હુકમ તો પાળવો જ જોઈએ. પથ્થર માર્યો પણ ઘા એવી રીતે કર્યો કે પથ્થર પેલા માણસથી બે ત્રણ ફૂટ આગળ પડ્યો અને પથ્થર એને વાગ્યો નહિ. છતાં એ તો મને ગાળો દેવા લાગ્યો. મેં તો કહી દીધું કે આ ગુરુમહારાજને કહે. એમણે મને કહ્યું છે. એટલે એ તો દોડતો ઉપર ગયો અને ગુરુમહારાજને પગે પડીને રડવા લાગ્યો. હું એની પાછળ ગયેલો. એટલે જોયું કે આંખમાંથી ચોધાર આંસુ વહ્યે જ જાય. એણે રડતાં રડતાં કહ્યું કે, 'આજે તો દુષ્ટમાં દુષ્ટ કર્મ કરવા જતો હતો. તેનું વર્ણન પણ ન થઈ શકે. તમે મારા પર બહુ કૃપા કરી.' આ સાંભળ્યું ત્યારે ગુરુમહારાજના હુકમનું હાર્દ હું સમજ્યો. **આવો હુકમ બુદ્ધિથી ન વિચારતાં પ્રેમભક્તિથી પાળવો એ ધર્મ છે. પણ જ્યાં સુધી ભાવનાનું સાતત્ય પ્રગટતું નથી, ત્યાં સુધી બુદ્ધિ બખાળા કરે છે.** *મૌનમંદિરનો મર્મ : ૩૭*

છેડો મેં નવ ફાડ્યો છે, કેડો ના મેં મૂકેલ છે,
રેઢો ન એને મૂક્યો છે, ખેલો ભારે કરેલ છે;
નેડો એનો હૃદે ઊંડો લાગેલ છે ખરેખરો,
તેડાવેલો હરિ આવ્યો, કૃપા એવી અનંત છે.
ભાવજ્યોતિ : ૧૨૪ **શ્રીમોટા**

(મારી સાધના કથા - પૃ. ૨૫ થી ૨૯)

સદ્‌ગુરુની સાચી પિછાન

સદ્‌ગુરુની સાચી પિછાન તો કદી પણ બાહ્ય રીતે થતી હોતી જ નથી. એ તો આગળ જતાં જતાં અંતરમાં અંતરથી થયા કરતી હોય છે. એવો પ્રકટેલો અનુભવ તે જ સાચો અનુભવ છે. શરૂ શરૂમાં સદ્‌ગુરુ પરત્વેની ભાવના આ જીવને પ્રકટપણે કદી કદી ઊભરાની પેઠે દિલમાં પ્રકટ્યાં કરતી હતી, પણ અખંડપણે રહ્યા કરતી નહોતી. કર્મમાં તે જીવતી જાગતી જ્ઞાનપૂર્વક તો ટકતી જ નહોતી, **પણ તે તે બધું તે પ્રકારના જ્ઞાનપૂર્વકના વર્તનવહેવારમાં એની ભાવના, ધારણા, ધીરે ધીરે, ધીમે ધીમે ટકવા માંડતાં જે અનુભવ થવા લાગ્યા. તેથી આત્મવિશ્વાસ તો ગર્જન્તો કૂદકે ને ભૂસકે પ્રકટવા લાગ્યો.** સદ્‌ગુરુ હૃદયથી જ સ્વીકારાઈ ગયેલા, કારણ કે જે કશાથી પણ માની ન શકાય એવી અદ્‌ભુત ઘટના એમનાથી અમારા જીવનમાં બની ગયેલી.

(જીવનપોકાર, ૧૯૭)

ચેતનામાં નિષ્ઠા પામેલા આત્મા જે તે બધું સહન કરી લેતા હોય છે, એવી માન્યતામાં નર્યું અજ્ઞાન ભરેલું છે. સદ્‌ગુરુ પણ તેવી રીતે બધું આપણું સહન જ કરી લેશે તેવું તો કૃપા કરીને કદી માનશો નહિ. આપણે તેના પર કરેલું દોષારોપણ આપણને પોતાને જ વિશેષ હેરાન કરનારું થઈ પડવાનું છે તે પણ નક્કર હકીકત છે. આપણે તેના વિશે જે જે કંઈ અન્યથાપણે વિચારતા હોઈશું, તેવું તેવું તે તો તેવી રીતે સ્વીકારી લેતો હોતો નથી, **એટલે તેના પરત્વેની જાગેલી આપણી વૃત્તિઓ તેની કનેથી પાછી ફરીને આપણા પોતાનામાં જ પાછી પ્રવેશે છે. અને આમ દ્વિગુણિત ત્રિગુણિત થઈને તેનું જોશ વિશેષપણે પણ પકડી શકે એવી ઊંધા પ્રકારની શક્યતાને આપણે પોતે જ પોતાની કરીને જન્માવતા હોઈએ છીએ. આવી ઊંધા પ્રકારની રમત આપણે રમ્યા કરીએ છીએ, અને એથી કરીને આપણે પોતે જ પોતાના પગ ભાંગતા હોઈએ છીએ, તેનું ભાન પ્રગટાવવાને તમારા પરત્વેની પ્રેમભાવનાથી પ્રેરાઈને આ તમને લખું છું.** *(જીવનદર્શન, ૧૫૭)*

સદ્‌ગુરુની અસર

સદ્‌ગુરુ એવા ભગવતશક્તિ કે ચેતનાશક્તિવાળા આત્માની અસર આપણાં અતઃકરણમાં પડે છે, ને ત્યાંથી મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ અને અહંકાર દ્વારા જ્યારે વ્યક્ત થવા માંડે ત્યારે જ તે સ્થૂળમાં પ્રસરવા માંડે છે. એટલે પહેલાં તો તેવી અસર સૂક્ષ્મમાં થાય છે. ને તે પછીથી જ સ્થૂળમાં થાય છે. આવા ભગવાનના ભાવવાળા આત્માની અસર તો સૂક્ષ્મમાં પડ્યા વિના રહેતી નથી; પરંતુ એને વ્યક્ત થવા દેવાની સ્વતંત્રતા આપણા પર અવલંબી રહે છે. **કોઈપણ વૃત્તિ મનમાં ઊઠે છે, તો તે એનો ભાગ ભજવ્યા વિના રહી શકતી જ નથી.** તેવી રીતે તેવા તેવા જીવાત્મા વિષેના અંતરમાં પડેલા સંસ્કાર તેનો ભાગ ભજવ્યા વિના રહેવાના નથી. આપણે ઈચ્છીએ કે ના ઈચ્છીએ તો પણ. **એટલે તો આપણામાં સંતસમાગમનો મહિમા અપાર ગાયેલો છે. એવા (સંતપુરુષોનો) લોકના જીવનનો સંપર્ક અને એમનો મળેલો ભાવ અથવા આપણો તેમના વિષેનો જેવા જેવા પ્રકારનો હૃદયથી સદ્‌ભાવ પ્રગટ્યો હશે તે, એના જે સંસ્કાર પડ્યા હશે તે, આજ નહિં તો કાલે જાગ્યા વિના રહેવાના જ નથી. એવું એનું વિજ્ઞાનશાસ્ત્ર છે.** સમજણની જાગેલી ભાવના, કર્મનાં આદિ, મધ્ય ને અંતમાં જીવતી બને, એ કાજે અંતરમાંની ચેતનાશક્તિ સતત ધગધગતી ધગધગતી પ્રચંડ જાગૃતિ વિના તેવું થવું કદી પણ શક્ય નથી. એ માટે તેવા પ્રકારનું મનોબળ પ્રગટાવવું પડશે. પ્રત્યેક કરણ

આધારની સાત્ત્વિક શુદ્ધિ કરી કરીને દૃઢ નિશ્ચયાત્મક શક્તિ આપણે પ્રગટાવવાની છે. સર્વ પ્રકારની અને સર્વ ભાવની જીવનના એકે એક પ્રવર્તતા ક્ષેત્રની પૂરેપૂરી આંતર બાહ્ય શુદ્ધિ થયા વિના ખરેખરી અને પૂરી સાધના થઈ જવી કદાપિ પણ શક્ય નથી. **સાધનામાં પ્રાણ પ્રગટાવવા માટે, જીવતો ભાવ જગાડવા માટે, એવી શુદ્ધિની અનિવાર્યતા છે. એને કાજેનું બળ કે શક્તિ કંઈ બહારથી આવતાં નથી. તે તો આપણામાં જ રહેલાં છે.**

(જીવનપ્રેરણા, ૧૭-૧૯)

ભક્તિપૂર્વકની કરેલી એક વિશુદ્ધાત્માની અંગત વ્યક્તિગત સેવા માનવી સ્વભાવની અશુદ્ધિઓ જેટલી સહેલાઈથી દૂર કરે છે તેટલી સહેલાઈથી બીજા કોઈપણ ઉપાયે તે દૂર થતી નથી.

(શ્રી સદ્‌ગુરુ વિશે – પૃ. ૩૨)

સદ્‌ગુરુને જાણવા એટલે...

સદ્‌ગુરુને જાણવાનું પૂરેપુરું તો બની શકતું જ નથી. તેથી માત્ર સદ્‌ગુરુને જાણ્યાથી કે તેમની સાથે માત્ર રહેવાથી આપણું કશું દળદર ફીટી શકતું નથી. જ્યાં લગી આપણા જીવનનું અને મનના વલણનું પૂરેપૂરું 'ઉન્નયન' થતું ન અનુભવી શકીએ, ત્યાં લગી કશામાં સંતોષ માનવો નહિ. **સદ્‌ગુરુ કે સંતની કૃપા-મદદ ત્યારે જ મળે છે કે જ્યારે આપણામાં તેવાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ જીવતાં થયેલાં રહે છે. ખરી રીતે તો આપણા પોતા વિના બીજો કોઈ ગુરુ નથી. ગુરુ તો સર્વત્ર અને સર્વમાં વ્યાપેલો છે. સંત અને પવિત્ર સાધુપુરુષોનો સમાગમ આપણને મદદકર્તા છે.** પરંતુ તેવા તેવા કાળે એમના પરત્વે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહં અને હૃદય કેવી જાતની જીવતી ભાવનાવાળાં રહેલા હોય છે તેના પર તેમની સોબતના લાભનું પરિણામ રહે છે. **જીવનના આધ્યાત્મિક માર્ગને અનુસરવું એ અતિ દોહ્યલું છે. માણસો ધારે છે તેટલું તે સહેલું નથી હોતું. આ માર્ગમાં આપણે અનેક પ્રકારનાં અનેક સ્વજનોને હણવાનાં આવે છે.**

(શ્રી સદ્‌ગુરુ વિશે – પૃ. ૩૩)

ગુરુને પ્રાર્થના

સદ્‌ગુરુમાં બીજો કંઈ ખ્યાલ ન ધરાવતાં તેમનામાંની દૈવી ચેતનાનો જ હૃદયથી જીવતો ખ્યાલ રહ્યાં કરે ને તેમના હૃદયસ્થાનમાં ને કોઈકવાર તેમના નયનકમળમાં વૃત્તિઓ સ્થિર રાખ્યાં કરવાનું બને ને તેવી તેવી વેળા મનની પ્રાર્થના થયાં કરે કે, "હે પ્રભો ! દીનાનાથ ! દીનબંધો ! દીનદયાળ ! કૃપાળુ ભગવાન ! કૃપા કરો ! અમને જાગતાં, ચેતતા કરો ને રાગ-દ્વેષથી દૂર થવા નિર્મૂળ થવા હૃદયમાં ચેતનાત્મક જાગૃતિ પ્રેરાવો. અમે આંધળા છીએ તેથી અંતરની આંખ આપો. જેમાં તેમાં આપણને સદ્‌ગુરુનો ભાવ પ્રકટે, ને તેના જીવતા સ્વરૂપની શક્તિનું ભાનદર્શન તેમાં થાય, ને તેવો પ્રત્યક્ષ અનુભવ થાય તો તે યોગ્ય પ્રકારે સેવન થયું છે એમ જાણવું. પ્રત્યેક સંતાત્માનો પરિચય જો ભાવના ને ધારણાથી – હૃદયની પ્રેમભક્તિથી થયાં કરે તો જીવનમાંના સર્વક્ષેત્રનાં કર્મોમાંથી જીવ પ્રકારનાં રાગદ્વેષ, માન, મમતા, લોભ, કીર્તિ, મોહ, અહંકાર આદિ ઘટતાં જતાં આપણને લાગે, તો જ તેવો સત્સંગ ખપનો છે. ભાવનાને દૃઢાવવા તેવો સત્સંગ જરૂરનો છે.

(૨ જીવનપ્રેરણા, ૯૭-૯૮)

(શ્રી સદ્‌ગુરુ વિશે – પૃ. ૩૩-૩૪)

સદ્‌ગુરુમાં જીવનો એકરાગ

સદ્‌ગુરુ કે તેવા ઉચ્ચાત્મામાં જીવનો એકરાગ થયા વિના હૃદય હૃદયનો ભાવપૂર્ણ સુમેળભર્યો મેળાપ થયા વિના – હૃદયમાં હૃદય સમાઈ ગયા વિના – તેવા તેવા જીવની પ્રકૃતિ, પ્રવૃત્તિ ને સ્વભાવ ફરી શકવાની શક્યતા તો નથી જ. તેમ છતાં પણ જે જે જીવો ભલેને ગમે તેવા ભાવે ત્યાં જતા હોય, તેવાં સ્થળમાં અનેકવાર જવાનું કરશે તો તેવા જીવમાં પણ

તેવા ઉચ્ચાત્માઓ પરત્વેનો રાગ થવાનો તે તો બુદ્ધિથી સમજાય તેવી હકીકત છે અને આ ભવમાં જો રાગ તેવા તેવા ઉચ્ચ આત્મા પરત્વે થયો તો તેવા જીવનું વલણ તેના પરત્વે પણ રહ્યાં કરવાનું જ. આ જન્મની પ્રવૃત્તિમાં ભલેને એવા જીવનું મન ના ફરી શક્યું. પણ તેથી કરી જેમ કોઈ નઠારા કર્મનું પરિણામ ભોગવ્યા વિના આરો થતો નથી. અને જેમ એવા કર્મના સંસ્કારો પણ પડતા હોય છે એમ એવા ઉચ્ચ આત્મા સાથેના રાગનું પરિણામ પણ નીપજવાનું જ છે તે નક્કર હકીકત છે, ને એના પણ સંસ્કાર પડવાના છે ને પડતા હોય છે જ. માત્ર એવે સ્થળે જતી વખતે હૃદયમાં ભાવના જીવતી રાખી શકાય તો તેવા સંસ્કાર વધારે ચેતનદાયક ને યોગ્ય પરિણામમાં જન્મવા લાયક જરૂર બની શકે ખરા. જેમ કોઈ બાગમાં ગયું તો તેના વાતાવરણ અને તેનાં ફૂલોની અસર તેને લાગે તો ખરી.

(શ્રી સદ્‌ગુરુ વિશે – પૃ. ૩૪)

સદ્‌ગુરુના હૃદયમાં રાગ

સદ્‌ગુરુના હૃદયમાં એ જીવનો થયેલો રાગ ને તે પણ જો સજીવપણે થયેલો હોય તો, જીવનો તેવો રાગ પણ એ જીવને ઊંચે લઈ જવાને સમર્થ બને છે. કિંતુ એવા રાગના ઉચ્ચ ગતિના પરિણામ જીવ કદીક તો આ જન્મના જીવનમાં દેખી શકવાને શક્યતાવાળો બનતો નથી. જો કે **એવા જીવનાં બાહ્ય આચરણ ગમે તેવાં હોય તો પણ તેવો જીવ ભાવનાના ક્ષેત્રમાં નવો જન્મ લીધા વિના રહી શકવાનો નથી. એ પણ એટલું જ સાચું છે.**

(શ્રી સદ્‌ગુરુ વિશે – પૃ. ૩૫)

જીવંત ચેતનાત્મક નિરંતરતા

સદ્‌ગુરુની ભાવના વગર કહ્યે કરણોમાં પ્રકટીને તે પ્રમાણે વર્તવાનું બને છે. પણ આપણા આધારનાં સકળ કારણોની જીવપ્રકારની અક્કડતા ગળી જઈને જ્ઞાનભક્તિના સ્વીકારને માટેનું યોગ્ય મુલાયમપણું પ્રકટે છે ત્યારે તે પ્રકારનું સૂક્ષ્મ વહન ઘણું વધારે શક્તિશાળી ને અસરકારક નીવડે છે. પરંતુ જ્યાં સુધી તેમાં જીવંત ચેતનાત્મક નિરંતરતા ન પ્રકટે, ત્યાં સુધી તે ઘણું ઘણું અધૂરું ગણાય. કારણ કે હાલમાં તમે આ જીવને સદ્‌ગુરુના ભાવમાં આલેખીને તેની સાથે એક પ્રકારના સારા આવેશ ને આવેગયુક્ત ભાવના સંબંધમાં છો તેથી તેવું બને; જ્યારે તેવું બધું ચાલ્યું જાય ત્યારે પાછા આપણે સૂક્કા લાકડાના થડ જેવા થઈ પણ જઈએ તે નક્કી જાણશો. **જેના જીવન જેવું થવું છે તેની સાથેની જ્ઞાનભક્તિપૂર્વકની હૃદયતાદાત્મ્ય પૂરેપૂરું જો કેળવાય તો શક્તિસંચારના સૂક્ષ્મવહન માટેની યોગ્ય તૈયારી આધારમાં પ્રકટી શકે છે.**

(શ્રી સદ્‌ગુરુ વિશે – પૃ. ૯૩)

સદ્‌ગુરુની કાર્યશૈલી

સદ્‌ગુરુની કાર્યશૈલી પ્રભુકૃપાથી તદ્દન જુદા પ્રકારની છે. પ્રત્યાઘાતી – સામી લાગણી હેતુપૂર્વક જગવવાને માટે પણ કેટલીક વખત કોઈ પ્રકારનું ગતકડું કરવાનું સૂઝે પણ ખરું. પણ તેમ કરવાનું જ્ઞાનભાનપૂર્વક હેતુપૂર્વક બની શકે. પણ બધાની સાથે તેમ ન પણ થતું હોય. કોઈ જીવ પ્રભુકૃપાથી આ માર્ગે એવો મળ્યો હોય કે જે વધારેમાં વધારે ચોક્કસ વ્યવસ્થાવાળો, ઝીણી દૃષ્ટિવાળો, નિયમિત પદ્ધતિસરનો હોય તો તેવાની સાથે તે તેવો ભાવ પણ રાખી શકે છે. તેનામાં પ્રવેશવાને માટે તે પ્રકારનું તેનું વર્તન તે રીતનું પણ તે કાળ પૂરતું બને. પણ સદાકાળને માટે તે તેમ ન પણ કરે. **એવો પ્રસંગ મળતાં સાધકની આંતરિક વૃત્તિ તપાસવાને કે જાણવાને માટે તે હેતુપૂર્વક સહજ ભાવથી તેને છંછેડે પણ ખરો; તેથી તેના અંતરમાંની વૃત્તિ એકદમ વ્યક્ત થવાથી તેનાં મૂળ તેને પરખાય છે.** કસોટી કર્યા વિના અને કોઈપણ સાધકના આંતરસત્વનો અનુભવ થયા સિવાય સદ્‌ગુરુ પણ કંઈ કશું કરી શકતો નથી. નિમિત્ત પ્રકટે છે ત્યારે તેના ધક્કેલાથી તે તેમ પણ વર્તે છે.

(શ્રી સદ્‌ગુરુ વિશે – પૃ. ૩૩-૩૪)

૬. સંસ્કારવિચારકર્મ વિશે — શ્રીમોટા

કર્મ

"કર્મની ભૂમિકા પર ભક્તિ થાય તો બરોબર. કર્મ અનિવાર્ય છે. જો માણસ એકલી ભક્તિ કર્યા કરતો હોય-તે તો બરાબર નથી. ભજન કર્યા કરે ને સાંસારિક જવાબદારી સ્વીકારે નહિ તો એ બરાબર નહિ કહેવાય. મળેલું કર્મ હોય તો તેની જવાબદારી તો એણે સ્વીકારવી જ જોઈએ."

— શ્રીમોટા

- જીવન તેના ઉત્તમ પ્રકારના વિકાસમાં પ્રગટે, એના કાજે, કર્મ એ તેના ઘડતર કાજે મહત્ત્વનું અંગ છે.
- કર્મના સિધ્ધાંતનો વિચાર કરીને જે પુરુષાર્થ છોડી દેવાની વાત કરે છે, તે કાયર પુરુષ છે.
- ભક્તિ એ ભાવનાનો ધોધ, જ્ઞાન એટલે હેતુ, ધ્યાન એટલે કેન્દ્રિતપણું ને એકાગ્રતા, કર્મ એટલે એ બધાંને સુયોગ્ય સુમેળ રીતે વહેવા માટેનો પટ.
- કર્મ તો સારું-નરસું જીવનમાં મળ્યા જ કરવાનું.
- જે જે કંઈ મળેલું છે એનાથી કદી પણ ભાગી શકાય નહિ. મળેલા સંજોગો અને મળેલી પરિસ્થિતિ એ આપણા જીવન વિકાસના હેતુ કાજે જ છે.
- જે કંઈ બન્યા કરે છે તેના મૂળમાં તો આપણું કર્મ જ પ્રધાનપણે કારણરૂપ છે.
- કર્મ પોતે સારું કે નરસું છે એના પર ઝાઝો આધાર નથી. પણ મન પોતે કેવી ભૂમિકા પર રહીને તેમાં પ્રવેશી રહેલું છે એના પર જ બધો આધાર છે.
- દેખીતાં કર્મ-પાપનાં કે પુણ્યનાં, તે પાપ પુણ્ય નથી. પણ કર્મ કરતી વખતે એના મનાદિકરણ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ કેવી રીતે વર્તતા હોય છે એ એનું થરમૉમીટર છે.
- બેળે બેળે, ત્રાસીને, કંટાળીને, ન છૂટકે કર્મો કરવાની કુટેવને આપણે ફગાવી દેવી પડશે.
- કર્મ કરતાં હોઈએ ત્યારે કર્મની અંદર જ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ સંપૂર્ણપણે પરોવાયેલાં જો હોય તો એ પણ **કર્મયોગ** છે.
- કામ કરતાં કરતાં તે કામથી કયાંય પણ રાગદ્વેષ ન પ્રગટે તેની તો પૂરેપૂરી જીવતી ચોકીદારી રાખવી ઘટે.
- આપણાં બધાં કામો આપણે શ્રીભગવાન પ્રીત્યર્થે કરતાં થઈ જઈએ એવી વૃત્તિ આપણા માનસની થઈ જાય તો પછી આપણે કરવાનું થોડું જ બાકી રહે છે.

કર્મ ઉપાસના અંગે પૂ. શ્રીમોટા

જીવન તેના ઉત્તમ પ્રકારના વિકાસમાં પ્રકટે એના કાજે કર્મ એ તેના ઘડતર કાજે ઘણું મહત્ત્વનું અંગ છે. કર્મ વડે જ માનવીનું જીવન ઘડાતું હોય છે. કર્મ વડે જ અનેક જીવોની સાથે સંબંધમાં અવાય છે. કર્મને લીધે જ જે તે બધાંની સમજણ પડે છે. **કર્મને લીધે જ આપણા પોતામાં કેટલી કુનેહ, આવડત, ગુણ અને ભાવ વગેરે કેટલાં ને કેટલાં પ્રમાણમાં છે અને કયા પ્રકારના છે તે બધું કર્મથી જ સમજણ પડે છે.** જે કર્મમાંથી કર્મ કરતાં કરતાં ઘણી જાતનું શીખવાનું મળે છે, જે કોઈ જીવને પોતાના જીવનનું ધ્યેય મક્કમપણે નક્કી થઈ ચૂકેલું છે એવા જીવને મળતા જતા પ્રત્યેક કર્મમાં પોતાના જીવનના ધ્યેયનો હેતુ જ્ઞાનભકિતપૂર્વક સભાનતાથી દઢાવતા રહેવાનું કર્યા જ કરવું પડે છે, **જે જીવને જો કર્મમાં હેતુની સભાનતા નથી તો તેવો જીવ શ્રેયાર્થી પણ નથી જ, તે હકીકત પણ એટલી જ સાચી છે.** જીવનમાં યોગ્ય પ્રકારનો વિકાસ થવાને માટે કર્મમાં તેવા પ્રકારના જ્ઞાનભકિતપૂર્વકના હેતુની સભાનતા એટલી જ અત્યંત

મહત્ત્વની અને જરૂરની છે. આવી બધી હકીકત આ કર્મ ઉપાસનામાં આવરાઈ લેવાયેલી છે.

(૧ કર્મ-ઉપાસના, ૩૮-૩૯)

શ્રીહરિકૃપાથી જીવનમાં જે રીતે સાધના થયાં જવાનું બન્યું છે તે તે રીત ને તેની સમજણ મારા જીવનમાં હરિકૃપાથી જીવતી જાગતી ચેતનાત્મકપણે આજ પણ એટલી જ તાદ્રસ્ય અને જીવંત પણ છે. **શ્રીહરિકૃપાથી જયારથી આ જીવને શ્રીહરિના ચરણકમળ પરત્વેનો અભિગમ પ્રગટ્યો, ત્યારથી કર્મ પરત્વેની સમૂળગી સભાનતા બદલાઈ ગઈ હતી. ત્યારે મારા દિલમાં કર્મના કરતાં, કર્મને કરતાં કરતાં, કર્મમાં જ્ઞાનભકિતપૂર્વકનો હેતુ કેટકેટલો જીવતો જાગતો અને ચેતનાત્મક રહે છે ને તે હેતુની સભાનતા ત્યારે કેટલા પ્રમાણમાં ને કેવી કેવી રીતે પ્રેરણાપ્રદ બનતી, તેનું જ માત્ર હું ખૂબ ખૂબ ધ્યાન રાખતો.**

જેમાં ને તેમાં જીવનના ધ્યેય પરત્વેના હેતુની સભાનતા પળેપળ જીવતી જાગતી હોવી, ટકવી અને તેમાં પાછા ચેતના પ્રાણ ખરેખરા પ્રગટેલા હોય તેવી જીવનમાંની પ્રત્યેક પળની સાવધાની અને સાવચેતીભરી યથાયોગ્ય પ્રમાણેની સભાનતાને જ ત્યારે મેં તો શ્રીહરિકૃપાથી સાધના ગણી હતી. **જો હેતુની જીવતીજાગતી સભાનતા નથી તો સાધના પણ નથી. તેવા જીવથી શ્રીપ્રભુમય જીવનમાં કોઈ કાળે પણ આગળ ડગ ભરી શકાવાનાં નથી એ હકીકત પણ એટલી જ સાચી છે. જો સાધના છે તો સભાનતા પણ છે જ.** જ્યારે કંઈ કશા પરત્વે ખરેખરાં ગરજ, સ્વાર્થ, રસ, લગની, તાલાવેલી, તત્પરતા વગેરે વગેરે જો પ્રગટ્યાં હોય છે, તો તે પ્રકારની સભાનતા ત્યારે માનવીના મનમાં રહેતી હોય છે. એ તો સર્વ સાધારણ માનવીને પણ બુદ્ધિથી સમજાય તેવી હકીકત છે. તો **જે જીવને જીવનવિકાસના હેતુ અર્થે સાધના કરવાની છે, ને જો પ્રત્યેક કર્મમાં તે જીવને જીવનના ધ્યેય પરત્વેની સભાનતા જો હોય જ નહિ અને ટકતી ના હોય તો તેવા મંદમાં મંદ પ્રકારની ભાવનાવાળી સાધના જીવનને વિકાસના ક્ષેત્રમાં ઉઠાવ નહિ આપી શકે.** *(૧ કર્મ-ઉપાસના, ૩૯)*

કંઈ પણ કશું કર્યા કરતાં હોઈએ છીએ તો તેની પણ આપણને સમજણ પડે છે ખરી. **કર્મથી જ ગુણ, ભાવ, શકિત, સમજણ, આવડત, કૌશલ્ય વગેરે વગેરે ખીલે છે. પરંતુ તે કર્મ ઉડઝુડિયા રીતે કરવાથી નહિ.** આવા બધા પ્રકારની સમજણ આ કર્મ- ઉપાસનામાં શ્રીપ્રભુકૃપાથી ઉપસાવેલી છે.

કર્મ ગમે તેવા પ્રકારનું ભલે ને ક્ષુલ્લક હોય, પરંતુ તેનો હેતુ અને ભાવ કેટલાં જીવતાં જાગતાં છે તેના પર જ પરિણામનો આધાર છે. કોઈક છરીથી શાક પણ સમારે. કોઈક નિષ્ણાત દાકતર છરીથી નસ્તર મૂકે, કોઈક અણઘડ છરીથી આંગળી કાપી પણ નાંખે. સાધન તો એક જ પરંતુ તે દરેકમાં પ્રત્યેકની સમજણ, રીત, હેતુ ને ભાવ જુદાં જુદાં જ હોય છે. માત્ર કર્મના ઉપરછલ્લાં ચોકઠાં ઉપરથી કશું પૂરેપૂરું નહિ સમજી શકાય. એક નાનકડું બાળક પોતાના મળની સાથે રમતું હોય છે, મળમાં રગદોળાતું પણ હોય છે, ને કોઈકવાર તો મળ ખાઈ પણ લે છે. એ જ મળ કોઈક મા સાફ કરે છે, અને એ જ મળ કોઈક હરિજનભાઈ સંડાસમાંથી સાફ કરે છે. ત્રણેયમાં મળ જ મુખ્ય સાધનઃ પરંતુ પ્રત્યેકના માનસમાં તે તે પળે તે પરત્વેની માનસિક પ્રક્રિયા જુદી જુદી. બાળકને મળમાં સંપૂર્ણ નિર્દોષતા છે. મળને મળની રીતે તે સ્વીકારતું જ નથી. જ્યારે કર્મમાં મળને મળ તરીકે સ્વીકારે છે, અને તે પોતાના જ બાળકનું હોવાથી તેનો એટલો બધો કંટાળો આવતો નથી કે અણગમો જાગતો નથી. એ જ મળ સંડાસમાં હરિજન ભાઈ સાફ કરે છે, ત્યારે તેને કંટાળો અને અણગમો પ્રવર્તતો હોય છે. **એટલે પ્રત્યેક કર્મમાં આપણું માનસ કેવું હોય છે અને તેનું ધોરણ કયા પ્રકારનું છે તેની**

અનુસંધાન પાના નં. ૧૩ પર

૭. સુખનો સાગર — રમેશ ભટ્ટ

દુઃખનું મૂળ

'મોટા, આમ તો ખાધે-પીધે કશું દુઃખ નથી, છતાં પણ કોઈ આપણને કશું કહે, ઠપકો આપે, છણકો કરે, અપમાન કરે ત્યારે ખૂબ દુઃખી થઈ જવાય છે. મારા કુટુંબમાં કંઈક બને, તો ઘણી વાર જાણે મારો જ દોષ હોય એ રીતે મને ઝાટકી કાઢવામાં આવે છે. મને એ નથી સમજાતું કે મારા કોઈ વાંક-ગુના વિના આમ કેમ થતું હશે ?'

શ્રીમોટા : ભાઈ, કુટુંબીજનો તમારા પરત્વે જે રીતે વર્તે છે એથી તમે દુઃખ અનુભવો છો અને તમે એમ કહો છો કે મારો વાંક નથી હોતો. દુઃખનો આ અનુભવ અને એનું કારણ પરસ્પર વિરોધી છે — એ તમે સમજી શકશો ખરા ? તમે કહો છો એમાંથી તો એવું સમજાય છે કે તમારાં કુટુંબીજનોમાં દોષ છે. એટલે તમને એ જે તે બધું કહ્યા કરે છે. હવે કુટુંબના સભ્યો-વડીલો વાંકવાળા છે અને તમે નિર્દોષ છો એમ તમે જે માનો છો એ જ પાયાનો વિચારદોષ છે; કેમકે આપણે સૌ સંસારમાં છીએ અને સંસારીભાવથી જીવીએ છીએ ત્યાં લગી આપણે દોષથી મુક્ત નથી.

'આ 'સંસારીભાવવાળા' છીએ એટલે કેવા છીએ ? એ વાત ન સમજાઈ.'

શ્રીમોટા : સંસારીભાવ એટલે અહંતા અને મમતાવાળા રહેવું અને એવા ભાવથી પ્રેરાઈને વર્તવું. 'હું કહું છું-હું માનું છું.' 'મારી જ રીત સાચી છે.' 'હું ઇચ્છુ એ પદ્ધતિએ બધાએ વર્તવું જોઈએ.' અથવા તો 'ઘરના બધા જ સભ્યો મારી ઇચ્છાને જ માન આપે.' - એવા વિચારો સેવવા અને એની પકડ રાખવી એ સંસારીભાવ છે. આને 'જીવદશા' તરીકે ઓળખાવી શકાય. વળી, 'હું ભણેલો-ગણેલો છું, હું આબરૂવાળો છું, કોઈ બે માણસ, બહારના ક્ષેત્રમાં તો મારી સલાહ લે છે. અને ઘરમાં તો મારું કહેવાનું કોઈ લેખામાં પણ લેતું નથી.' - આ માન્યતા કે સમજણ એ અહંતા છે.

'તો પછી, મોટા બધા આ રીતે જ જીવતા હોય છે ને ! એટલે શું બધા જ દોષિત છે ?'

શ્રીમોટા : દોષ તો આ સંસારની રચનામાં રહેલા છે. તેને કોઈ ટાળ્યા ટાળી શકે એમ નથી. જેમ રાત પડે ને અંધારું થાય છે ત્યારે આપણે એ અંધકારને લીધે બેચેન બની જઈએ છીએ તેમ. કેમકે એ વખતે પૃથ્વીના પરિભ્રમણની વાત આપણે ભૂલી જઈએ છીએ. કુદરતી રચના જ એવી છે કે અંધકાર થાય જ. પણ અંધકારમાં આપણને કુદરતી રચના વિષેના જ્ઞાનની સભાનતા હોય તો અંધારાની સ્થિતિ આપણને અકળાવતી નથી. એવી રીતે આ સંસારની રચનાના રહસ્ય વિષેની આપણી અજ્ઞાનતાને લીધે આપણે સુખનું મૂળ શોધી શકતા નથી, અને નકામા નકામા દુઃખી થઈએ છીએ.

તમે દુઃખી શા માટે થાઓ છો ? એવો પ્રશ્ન તમને કેવી રીતે જાગ્યો ? આવો પ્રશ્ન કરવા પાછળ તમારો હેતુ શો છે ?

શાંતિ અને પ્રસન્નતા

'જીવનમાં દિવસો શાંતિ અને પ્રસન્નતાથી વીતે એ મારો હેતુ છે. અને મોટા, હું પોતે તો શાંત રહું છું. કોઈને કશું કહેતો પણ નથી. કોઈ કાંઈ કહે તો પણ સાંભળી રહું છું. તોય લોકો મને છોડતા નથી - આવું કેમ થતું હશે ? તો આમાં મારો દોષ શો ? હું સીધો ચાલુ તો બીજાઓ મારી સાથે શા માટે વાંકા ચાલે છે ?

શ્રી મોટા : જો ભઈલા, તેં આમાં એક વાત સાચી કહી, પણ બીજી વાત ભૂલભરેલી કહી. તેં

શાંતિ અને પ્રસન્નતા જાળવવાનો હેતુ કહ્યો તે સાચી વાત છે. પણ એ હેતુ પરત્વે તારે જે સભાન રહેવું જોઈએ એ રીતે રહેતો નથી. એ માટે આપણે પોતે કેમ કરીને શાંતિ અને પ્રસન્નતા જાળવી રાખીએ તેવા જાગ્રત પ્રયત્નમાં આપણે રહેવું જોઈએ. આપણા આવા જાગ્રત પ્રયત્નોને લીધે આપણને આપણી કૌટુંબિક વ્યક્તિઓના જીવનના દોષો જડશે નહિ. આ તો આપણે આપણા જીવનના હેતુને સિદ્ધ કરવા માટે પૂરતા પ્રયત્નોમાં આપણું મન ખૂંપાવતા નથી એથી આપણું મન બીજાના દોષો જોવામાં પડી જાય છે. એટલે સૌથી પહેલી વાત આપણા હેતુ પરત્વેની આપણી સભાનતા અથવા તો જાગ્રતિ અને આપણા હેતુને ફલિત કરવાના આપણા જાગ્રત પ્રયત્નો મહત્ત્વના છે.

'એટલે મને દુઃખ આપવામાં બીજાનો દોષ જ હોતો નથી એમ માનવું ?

શ્રીમોટા : મેં કહ્યું તો ખરું કે આખો સંસાર દોષિત જ છે. પણ આપણે કોઈ પણ વ્યક્તિના દોષને સુધારી શકવાના નથી. આપણા કહેવા માત્રથી એમના દોષ નીકળી જાય એવું કદી પણ બની શકવાનું નથી. આ હકીકત નિશ્ચિત છે. આ બાબતને એક પાયાની fundamental હકીકત તરીકે તમારે સ્વીકારવી જોઈએ. આપણા કહેવાથી બીજાઓ સુધરે અને બીજા સુધરવાથી આપણને શાંતિ મળે અને પરિણામે આપણે સુખી થઈએ એ સમજણ ભૂલભરેલી છે; કેમકે એ સમજણ અહમ્ પ્રેરિત છે. હજી જ્યાં લગી આપણે પોતે જ આવી અહંતાના દોષથી ભરેલા છીએ ત્યાં લગી બીજાના દોષને કેવી રીતે સુધારી શકવાના છીએ ?

વળી એક બીજી વાત : **બીજાઓના દોષના વારંવાર વિચારો કરવાથી તેમજ એ દોષો જોયા કરવાથી આપણી અશાંતિમાં વધારો થવાનો છે એ વાત પણ નક્કી સમજજો. માટે તમે બીજાના દોષ જોવાનું સમૂળગું મૂકી દો.** સંયુક્ત કુટુંબમાં રહેવાથી કરીને અથડામણ, સંઘર્ષણ, કલેશ, સંતાપ, દુઃખ, મૂંઝવણ વગેરે બધું થયા જ કરવાનું, કારણ કે સંસારનો એ સ્વભાવ છે, ને એનો ગુણધર્મ છે.

સંસારના ગુણધર્મ

'સંસારના આવા ગુણધર્મવાળી બાબત જરા વિગતે સમજાવોને ?'

શ્રીમોટા : આ અગ્નિના ગુણધર્મ કેવા છે ?

'દઝાડે એવા.'

શ્રીમોટા : અને નર્કના ગુણધર્મ કેવા છે ?'

'દુર્ગંધ મારે એવા.'

શ્રીમોટા : તમે એનો વિરોધ કરતા નથી, અને આ હકીકતનો તમે સ્વીકાર કરો છો, કારણ કે એના વિષેની સમજણ તમારા મનમાં પૂરેપૂરી પાકી થયેલી છે. આ આખો સંસાર હમણાં જણાવ્યા એવા ગુણધર્મોવાળો છે. એટલે સંસારનું એ લક્ષણ-પ્રમાણ જ છે. એ સ્વીકારી લેવાથી આપણામાં કેટલેક અંશે તો શાંતિની ભૂમિકા બંધાશે.

સંસારના આવા પ્રકારના દોષને કોઈ નિવારી શકે એમ નથી. આમ છતાંય જિજ્ઞાસુ વ્યક્તિને જો ખરેખરી ઝંખના અને તાલાવેલી લાગે તો એ પોતાના એવા દોષને જરૂર ટાળી શકે છે. પોતાનામાં જે સંસારી ભાવ છે, પોતાની જે જીવદશા છે; એવી દશા-એવી સ્થિતિ પોતાને ઘણી ઘણી ડંખે, અને એને માટે એના અંતરમાં ઘણો ઘણો પશ્ચાતાપ થાય તો પોતાના એવા દોષમાંથી મુક્ત થઈ શકાય. બાકીના તો એવી ને એવી સ્થિતિમાં ગબડ્યા કરવાના. એટલે આપણે જો સંસારી જીવોના દોષો જોઈને દુઃખી થયા કરીશું તો આપણે પોતે જ બેહાલ બનીશું.

(સુખનો સાગર, પ્રથમ આ. પૃ. ૫)

ગયેલા આત્માને શ્રદ્ધાંજલિ

(૧) ડૉ. બીપીનભાઈ ગુર્જરના માતુશ્રી શકુબેન સોમાભાઈ ગુર્જર, અમદાવાદ નિવાસી, તા. ૦૪-૧૦-૨૦૨૫ના રોજ અવસાન પામેલ છે.

(૨) ભાઈશ્રી નંદુભાઈના વડીલબંધુ વાડીભાઈના દીકરા તેમજ શ્રી પરમાનંદભાઈ તલાટીના વેવાઈ સુરેન્દ્રભાઈ વાડીલાલ શાહ કે જેઓ પૂજ્ય શ્રીમોટાના અપ્રતિમ સ્વજન તા. ૦૭-૧૦-૨૦૨૫ના રોજ અમદાવાદ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તેમના આત્માને શ્રીહરિ મોટા તેઓના સાનિધ્યમાં શરણું આપે તેવી હરિઃૐ આશ્રમ થકી હૃદયસ્પર્શી પ્રાર્થનાંજલિ.

(૩) વડોદરા નિવાસી સદ્‌ગત દેવાંગકુમાર પ્રફુલચંદ પારેખ તા. ૧૬-૧૦-૨૦૨૫ના રોજ વૈકુંઠધામ પામેલ છે.

(૪) નડિયાદ નિવાસી મધુકાન્તાબેન પરસોત્તમદાસ સોનીનું દેહાવસાન તા. ૦૩-૧૧-૨૦૨૫ના રોજ થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા ગતાત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

(૫) પૂજ્ય શ્રીમોટાના હરિજન આશ્રમ, સાબરમતીના નિવાસ દરમ્યાન શ્રી દત્તાત્રેય મહા પણ આશ્રમમાં જ રહેતા હતાં અને પૂજ્ય શ્રીમોટાનો ખૂબજ અંગત પરિચય કેળવાયેલો તેવા શ્રી દત્તાત્રેય મહાના પૂત્રવધુ સ્વ. શોભાબેન અભયકુમાર મહાનું નિધન તા. ૦૯-૧૧-૨૦૨૫ના રોજ દેહાવસાન થયેલ છે. સદ્‌ગતના આત્માને હૃદયથી શ્રદ્ધાંજલિ.

(૬) વડોદરા નિવાસી સદ્‌ગત પલ્લવી સૌરભ વકીલ વડોદરા ખાતે તા. ૨૫-૧૧-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

(૭) નરોડા, અમદાવાદ નિવાસી કિરણકુમાર કાન્તિલાલ ભાવસાર તા. ૦૮-૧૨-૨૦૨૫ના રોજ દેહાવસાન પામેલ છે. તેઓ શ્રીમતી જયશ્રીબેન ગૌરાંગભાઈ મિસ્ત્રીના ભાઈ થાય છે.

(૮) સદ્‌ગતશ્રી પરમાનંદભાઈ મોહનલાલ તલાટી મૂળ નડિયાદના હાલ અમદાવાદ નિવાસી તા. ૯-૧૨-૨૦૨૫ના રોજ વૈકુંઠધામ પામેલ છે. તેઓની હૃદયાંજલિ અન્ય પેજ ઉપર આપવામાં આવેલ છે.

(૯) શ્રી દિલીપભાઈ પટેલ મૂળ અમદાવાદ નિવાસી અને ત્યારબાદ યુ.એસ.એ. ખાતે ગયેલ. તેઓનું અવસાન ફ્લોરિડા ખાતે તા. ૦૭-૧૨-૨૦૨૫ના રોજ થયેલ છે.

(૧૦) મૂળ અમદાવાદ નિવાસી ડૉ. વિશાખાબેન એલ. શાહ તા. ૨૩-૧૨-૨૦૨૫ના રોજ વડોદરા ખાતે શ્રીજીચરણ પામ્યા છે. ડૉ. વિશાખાબેન ભાઈશ્રી નંદુભાઈના નજીકના પરિચયમાં હતા અને કર્મઠ અને સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા હતા.

શ્રીહરિ મોટા સદ્‌ગત આત્માઓને કલ્યાણ અને શ્રેય પ્રેરે તેવી હૃદયથી પ્રાર્થના.

હરિઃૐ આશ્રમ નડિયાદને પાછલા બે માસ દરમ્યાન મળેલ દાન		
(૧)	ઑક્ટોબર, ૨૦૨૫	રૂ. ૧૫,૧૪,૯૮૬
(૨)	નવેમ્બર, ૨૦૨૫	રૂ. ૨,૬૫,૧૬૯
હરિઃૐ ગુંજનને મળેલ આર્થિક સહયોગ		
(૧)	વિણાબેન ડી. ત્રિવેદી (અમદાવાદ)	રૂ. ૫૦૦

સદ્‌ગતશ્રી પરમાનંદભાઈ તલાટીને હૃદયાંજલિ

પૂજ્ય શ્રીમોટાના અનન્ય સ્વજન શ્રી પરમાનંદભાઈ મોહનલાલ તલાટી તા. ૦૯-૧૨-૨૦૨૫ના રોજ ટૂંકી માંદગી બાદ સ્વર્ગવાસ થયેલ છે. તેમના વ્યક્તિત્વ વિષેની મને મળેલ માહિતી મુજબનો ટૂંક પરિચય.

સદ્‌ગતશ્રી પરમાનંદભાઈ નંદી જેવી દાનશીલતા, સૂરજ જેવી ઉદારતા અને પૃથ્વી જેવી સહનશીલતા ધરાવતા હતા. તેઓના પિતાજી તથા દાદાજી નડિયાદના સંતરામ મંદિરમાં વહીવટ કરતા હતા. તેઓશ્રી પણ યથાશક્તિ મંદિરમાં સેવા આપતા હતા. મંદિરના મહંત શ્રી નારણદાસ મહારાજશ્રી સાથે ઊંડો સ્નેહાળ સંબંધ હતો. જાનકીદાસજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતાં જણાવેલ કે "આપણે નોકરી નથી કરવાની આપણે શેઠ જ થવાનું છે. આમ શરૂઆતમાં PWDમાં સરકારી નોકરી કરી. ત્યારબાદ પોતાના બે નાના ભાઈઓના ભવિષ્યનો ખ્યાલ કરીને તેમજ નોકરી દરમ્યાન તેઓની કુશળતા, નિષ્ઠા અને મિલનસાર સ્વભાવને કારણે તેમજ તેમના બહોળા સંપર્કોને ધ્યાને રાખી તેઓએ ધંધાની શરૂઆત કરી અને ધંધામાં દિનપ્રતિદિન પ્રગતિ થતી રહી અને ધંધાનો વિકાસ થતો ગયો અને આમ સમગ્ર કુટુંબની ઉન્નતિ માટેની તેમની દૃષ્ટિ ફળીભૂત થઈ. શ્રી પરમાનંદભાઈનું પૂજ્ય શ્રીમોટા સાથેનો પ્રથમ પરિચય શ્રી રાવજીકાકાના ઘેર ડભાણ મોટા બનેવી શ્રી ઓચ્છવલાલ(સુરત) અને બાળકૃષ્ણભાઈ સાથે તેઓના ઘેર થયેલ હતો. તે વખતે શ્રી પરમાનંદભાઈને પૂજ્ય શ્રીમોટા જાણે કે તેઓના અલૌકિક પિતા હોય અને તેઓના કુટુંબની રક્ષા માટે જ જાતે આવ્યા હોય તેવી અંતરમાં ઊંડી અનુભૂતિ થઈ. બસ ત્યારથી જ પૂજ્ય શ્રીમોટાની અપારકૃપાનો અનુભવ અવારનવાર થતો રહ્યો અને તેઓ મોટાના શરણે અને ચરણે પોતાનું જીવન સમર્પી દીધું.

પૂજ્ય શ્રીમોટાની ગુરુકૃપાનો એક અદ્વિતીય અનુભવ ત્યારે થયો કે જ્યારે તેઓનું નામ એક વેપારીએ આપઘાત કર્યો હતો અને તેના ડાઈંગ ડેક્લેરેશનમાં તેમનું નામ આપેલ હતું. ત્યારે તેઓશ્રી પૂજ્ય શ્રીમોટા પાસે જઈને વિગતોથી વાકેફ કર્યા. ત્યારે પૂજ્ય શ્રીમોટાએ જણાવેલ કે "જરાપણ ગભરાવાનું નથી. તમારો વાળ પણ વાંકો નહિ થાય." આવી ખાત્રીપૂર્વકની હિંમત અને સધિયારો પૂજ્યશ્રી મોટાએ આપેલો અને ત્યારબાદ પોલીસ તપાસમાં આ બાબત પોકળ સાબિત થયેલી અને તેઓ નિર્દોષ જાહેર થયેલા. આમ પૂજ્ય શ્રીમોટાએ શ્રી પરમાનંદભાઈ તલાટીને આપેલ અભય વચન નિભાવ્યું. પૂજ્ય શ્રીમોટા ભાઈબીજના દિવસે ૧૯૬૯-૭૦ પછી તેઓના નિવાસસ્થાને અચૂક જતા અને ત્યાં શારદાપૂજન, ચોપડાપૂજન થતું. તેઓને રોકડ રકમ વધુ ભેગી ન કરતાં જમીન અને સ્થાવર મિલ્કતમાં રોકાણ કરવા જણાવેલ જે તેઓને ખૂબજ લાભદાયી નીવડેલ. શ્રી પરમાનંદભાઈએ પૂજ્યશ્રીના કુલ ત્રણ ઉત્સવો ઉજવ્યા હતા. તેમજ આશ્રમ તરફથી જે પુસ્તકો છપાતાં-તેની એકસો નકલો ખરીદતા હતા. તેઓ મૌનમાં દર વર્ષે નિયમિત બેસતાં. શ્રી પરમાનંદભાઈની સફળતામાં તેમજ આશ્રમના પૂજ્ય શ્રીમોટાના દરેક કાર્યમાં તેઓના પત્ની શર્મિષ્ઠાબહેનનો સિંહફાળો હતો. તેઓ જ્ઞાતિની કામગીરીમાં પણ સક્રિય ભૂમિકા નિભાવતા હતા. શ્રી પરમાનંદભાઈ પોતાની તમામ ધંધાકીય જવાબદારીઓ પોતાના પુત્રને સોંપી દઈને પોતે નામસ્મરણ, સદ્‌વાંચન, મનન અને ચિંતનમાં સમય વીતાવતા હતાં. તેઓ ખૂબ જ પરિશ્રમી, પ્રમાણિક, નિખાલસ, મીતભાષી, ઉદાર, કર્તવ્યનિષ્ઠ, ધાર્મિક અને સદાચારી અને નિયમસાર પ્રકૃતિના હતાં. પૂજ્ય શ્રીમોટા સદ્‌ગતશ્રી પરમાનંદભાઈ તલાટીને તેઓના ચરણમાં શરણ આપશે જ તેમાં શંકા નથી. તેઓના કુટુંબને સદ્‌ગતના અવસાનથી આઘાત સહન કરવાની પૂજ્ય શ્રીમોટા શક્તિ આપે બસ એ જ અભ્યર્થના.

હરિઃૐ આશ્રમ, નડિયાદ

વર્ષ-૨૦૨૬ દરમ્યાનના ઉત્સવ/તહેવારની યાદી

- **૨૫-૦૧-૨૦૨૬ રવિવાર** વસંત પંચમી, પૂજ્ય શ્રીમોટાને બાળયોગીજી મહારાજે દીક્ષા આપ્યાનું ૧૦૩મું ઉજવણી વર્ષ
  યજમાન : શ્રીમતી જાગૃતિબહેન પટેલ, નરોડા (વધુ વિગત પાના નં. ૪ ઉપર)
- **૨૭-૦૩-૨૦૨૬ શુક્રવાર** પૂજ્ય શ્રીમોટાનો ૮૮મો સાક્ષાત્કારદિન, રામનવમી તિથિ પ્રમાણે
- **૨૯-૦૩-૨૦૨૬ રવિવાર** પૂજ્ય શ્રીમોટાનો ૮૮મો સાક્ષાત્કારદિન રામનવમી ઉત્સવ. હરિઃૐ આશ્રમ, સુરતની વધુ વિગતો ત્યાંથી આપવામાં આવશે.
  ઉત્સવના યજમાન :- શ્રી દશરથભાઈ મેઘજીભાઈ ચોવટિયા પરિવાર
- **૨૩-૦૭-૨૦૨૬ ગુરુવાર** પૂજ્ય શ્રીમોટાનો દેહત્યાગ દિન (૫૦ વર્ષ)
- **૨૯-૦૭-૨૦૨૬ બુધવાર** ગુરુપૂર્ણિમા, વ્યાસ પૂર્ણિમા.
  ઉજવણીના યજમાન ડૉ. મનન પરેશભાઈ શાહ પરિવાર
  (આશ્રમના મેનેજર શ્રી પરેશભાઈના સુપુત્ર) નડિયાદ.
- **૧૫-૧૦-૨૦૨૬ ગુરુવાર** ભાઈશ્રી નંદુભાઈ શાહનો જન્મદિવસ. તિથિ મુજબ આસો સુદ પાંચમ (પાંચમું નોરતું)
  (ફક્ત સર્વે સ્વજનોની જાણ અર્થે)
- **૦૪-૧૦-૨૦૨૬ રવિવાર** શ્રીહરિ મોટાનો ૧૨૯મો જન્મદિન ઉત્સવ મિલન સમારંભ
  (તિથિ-ભાદરવા વદ ચોથ, તા. ૩૦-૦૯-૨૦૨૬ને બુધવાર)
  યજમાન :- જાગૃતિ ડી. પટેલના સુપુત્ર ધ્રુવલ પટેલ અને પુત્રવધુ પૂજા પટેલ નરોડા
- **૨૦-૧૦-૨૦૨૬ મંગળવાર** દશેરા, વિજયાદશમી ધ્વજારોહણ કાર્યક્રમ
  યજમાન : આશરા પરિવાર, મુંબઈ-અમદાવાદ)
- **૦૮-૧૧-૨૦૨૬ રવિવાર** દિવાળી, દીપાવલી, ચોપડા પૂજન, સરસ્વતી પૂજન
- **૧૦-૧૧-૨૦૨૬ મંગળવાર** નૂતન વર્ષારંભ (વિક્રમ સંવત ૨૦૮૩ બેસતું વર્ષ)

નોંધ : (૧) ઉત્સવની ઉજવણીનો વિગતવાર કાર્યક્રમ જે-તે વખતે પ્રસિદ્ધ કરવામાં આવશે.
(૨) ઉત્સવની ઉજવણીનું સ્થળ દર્શાવેલ ન હોય ત્યારે હરિઃૐ આશ્રમ, નડિયાદ રહેશે.
(૩) ચોપડા પૂજનના સમયે સ્વજનો અગાઉથી જાણ કરીને આશ્રમમાં હાજર રહી શકશે.

સ્થળ : હરિઃૐ આશ્રમ, દખ્ખણિયો ઓવારો, શેઢી નદીના કાંઠે, જૂના બિલોદરા ગામ, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ - ૩૮૭ ૦૦૧

સંપર્ક : આશ્રમ - ૭૮૭૮૦૪૬૨૮૮, પરેશભાઈ - ૯૪૦૮૯૨૦૭૫૭, મંગેશભાઈ - ૯૮૨૫૦૭૯૦૮૦

પૂજ્ય શ્રીમોટાને દીક્ષાદિને અંજલિ-મંગલાષ્ટક

(શાર્દૂલવિક્રીડિત)

આજે મંગલ ''પંચમી'' જીવનનાં માંગલ્યના જન્મની !
કેવી ધન્ય પળો ગુરુમિલનની ચૈતન્ય ''દીક્ષા'' મળી !
જેનાં અંતરમાં અખંડ પ્રગટી ઓજસ્વી દીપાવલિ !
એવા ચેતનરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૧

સીતારામતણા પવિત્ર યુગનો આદર્શ ઊંચો અતિ,
પ્રત્યક્ષે પ્રગટાવીને જીવનમાં જે દિવ્ય પામ્યા સ્થિતિ;
જેણે સ્વાર્પણ યજ્ઞમાં હર પળે આહુતિ અર્પ્યા કરી,
એવા ત્યાગ સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૨

જેનાં અંતરમાં રમે હર પળે દૈવી પ્રભુચેતના,
જેની આત્મનિકુંજમાં વિકસતી અંતર્મુખી ભાવના;
સાકારે પ્રભુ દિવ્ય પ્રેમ સ્વરૂપે પ્રત્યક્ષ જેનાં મહીં,
એવા પ્રેમસ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૩

શ્વાસોશ્વાસ મહીં વહે જીવનનું સંગીત જેનાં હૃદે,
સંસારે સ્થૂળ ત્યાગ-ભોગ પર જે આનંદ હૈયે રમે !
સાષ્ટાંગે પ્રણિપાત આજ કરતાં ભાવાશ્રુ ધારા વહી !
એવા દિવ્ય સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૪

જેનું દ્વૈત થયું વિલીન જગમાં અદ્વૈતના ભાવમાં,
આત્માનંદ મહીં સદા વિહરતા તાદાત્મ્ય આધારમાં ;
જેના ચેતન સંગથી સ્વજનની ઊર્ધ્વે ગતિ થાય શી !
એવા ચૈત્ય સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૫

આજે શ્રી હરિઃૐ તણા સ્તવનથી ગાજે ગિરિ-કંદરા,
પ્રેરે જે ઉરસ્પંદને ધબકતી આ મંત્રની ચેતના !
શીળી ને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ જવાલા સમી !
એવા જ્ઞાન સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૬

આજે ધન્ય ઘડી પ્રભુમિલનની ચૈતન્યના જન્મની !
તારા મંગલ પર્વની હૃદયમાં સ્મૃતિ રહો પાવની;
અર્પી તેં પ્રભુપાદમાં જીવનના ઐશ્વર્યની અંજલિ,
એવા ભક્તિ સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૭

હૈયાના શુભ ભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા !
વ્હેજો આ ગુરુભાવ ગંગહૃદયે એવી પદે પ્રાર્થના !
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના !
આહુતિ દઈને અખંડ દિલની પામું તને સર્વદા. ૮

સરોજબહેન કાંટાવાળા

(Printed Matter)

Bi-monthly RNI No. GUJGUJ/2018/76364

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL